સત્ય, નિડર અને નિષ્પક્ષ અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

# કર્ણાવતી મેટ્રો

KARNAVATI METRO DAILY

RNI No. : GUJGUJ/2011/40646 ★ વર્ષ-૯ ★ અંક-૧૧૬ ★ તા. ૨૩-૦૨-૨૦૨૦ ★ રવિવાર ★ પાના-૪ ★ કિંમત રૂા. ૧-૦૦ ★ વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : મનોજ પ્રજાપતિ, - કાર્યાલય : ૫૬, કાપડીયા એસ્ટેટ માર્કેટ, રતનપોળ, ગોલવાડ, અમદાવાદ. મો. : ૮૭૫૮૨૦૬૩૭૧ Email:karnavtimetro1@yahoo.in ★ ન્યાય ક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે

કોંગ્રેસના નેતા શશી થરુરના મોદી સરકાર પર આકરા પ્રહારો

# મેલેનિયા ટ્રમ્પના કાર્યક્રમથી અંતે કેજરીવાલ, સિસોદિયાનું નામ દૂર

## કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યમંત્રીને આમંત્રણ ન મળતા ભાજપના સંબિત પાત્રા તરફથી કરાયેલો ખુલાસો : મેલેનિયા હેપ્પીનેસ ક્લાસની મુલાકાત લેનાર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા. ૨૨

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પત્નિ મેલેનિયા ટ્રમ્પના દિલ્હીમાં આયોજિત કાર્યક્રમથી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું નામ દૂર કરી દેવામાં આવતા આને લઈને જોરદાર રાજનીતિ શરૂ થઈ ગઈ છે. મેલેનિયા ટ્રમ્પ દિલ્હીની સ્કુલમાં એક ઈવેન્ટમાં ભાગ લેનાર છે. પહેલા એવા અહેવાલ આવ્યા હતા કે, ઈવેન્ટમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા ઉપસ્થિત રહેશે પરંતુ હવે તેમના નામ દૂર કરી દેવામાં આવ્યા હોવાના અહેવાલ આવ્યા છે. આને લઈને કોંગ્રેસી નેતા શશી થરુરે પણ પ્રતિક્રિયા આપી છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીએ પણ આ અંગે ખુલાસો કર્યો છે. દિલ્હી સરકારમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, મોદી સરકારના કહેવાથી આ કામ થયું છે. કોંગ્રેસી નેતા શશી થરુરે પણ આ મુદ્દા ઉપર ટ્વિટ કરીને કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા છે. બીજી બાજુ કેન્દ્ર સરકારનું કહેવું છે કે, નામ સામેલ કરવા અથવા તો નામ દૂર કરવામાં તેમની કોઈપણ પ્રકારની ભૂમિકા નથી. આમંત્રણ ન મળવાના અહેવાલ અંગે શશી થરુરે કહ્યું છે કે, આ પ્રકારની રાજનીતિ અયોગ્ય નથી. કેજરીવાલ સરકાર હાલમાં જ પ્રચંડ બહુમતિ સાથે ચૂંટાઈ આવી છે. લોકો કેજરીવાલને ચૂંટીને દિલ્હીના મુખ્યમંત્રી તરીકે લાવ્યા છે. લોકશાહી માટે આ બાબત યોગ્ય નથી. રાષ્ટ્રપતિ ભવનના ભોજન કાર્યક્રમમાં, વડાપ્રધાનના કાર્યક્રમમાં વિપક્ષને આમંત્રણ નહીં આપવાની બાબત નાની વાત હોઈ શકે છે પરંતુ તે ભારતની પ્રતિષ્ઠાને અસર કરે છે. દિલ્હી સરકારના સુત્રોએ કહ્યું છે કે, કેજરીવાલ અને સિસોદિયાના નામ એ સ્કુલ ઈવેન્ટના કાર્યક્રમથી પડતા મુકી દેવામાં આવ્યા છે જ્યાં મેલેનિયા ટ્રમ્પ પહોંચનાર છે. પહેલા આ કાર્યક્રમમાં બંને નેતા પહોંચનાર હતા. આ ઘટનાના સંદર્ભમાં આમ આદમી પાર્ટી સરકાર તરફથી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી પરંતુ મનિષ સિસોદિયાએ હેપ્પીનેસ ક્લાસ અંગે ટ્વિટ કરીને કહ્યું છે કે, હેપ્પીનેસ ક્લાસ દરેક પ્રકારની નફરત અને નાની માનસિકતાથી અલગ છે. બીજી બાજુ સંબિત પાત્રાએ કહ્યું છે કે, આવા પ્રસંગ પર રાજનીતિ કરવી જોઈએ નહીં. ભારત સરકારે અમેરિકાને સલાહ આપી નથી કે, કોને બોલાવવા જોઈએ અને કોને બોલાવવા જોઈએ નહીં. આ પ્રકારે તુ તુ મેં મેં કરવાથી કોઈ ફાયદો થશે નહીં. ડોનાલ્ડ ટ્રમ્પના પત્નિ મેલેનિયા ટ્રમ્પ ભારત પ્રવાસ દરમિયાન દિલ્હીની એક સરકારી સ્કુલમાં પહોંચનાર છે. અહીં અભ્યાસ કરનાર બાળકોને મળશે. હેપ્પીનેસ ક્લાસને નિહાળશે. આ સ્કુલમાં બાળકોને ખુશ કરવા અને મનોરંજનની સાથે તેમના ઉત્સાહને વધારવાના પ્રયાસ કરવામાં આવે છે. દિલ્હીની સરકારી સ્કુલોમાં હેપ્પીનેસ ક્લાસની શરૂઆત વર્ષ ૨૦૧૮માં કરવામાં આવી હતી. હેપ્પીનેસ ક્લાસનું ઉદ્‌ઘાટન તિબેટના ધર્મગુરુ દલાઈ લામા દ્વારા કરાયું હતું. એ ગાળા દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ પણ તેમની સાથે રહ્યા હતા.

ટ્રમ્પના કાર્યક્રમમાં ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચ થશે

# ટ્રમ્પ કાર્યક્રમ પર ખર્ચને લઈ પ્રિયંકાએ ગંભીર પ્રશ્નો કર્યા

નવીદિલ્હી, તા. ૨૨

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત પહોંચી રહ્યા છે ત્યારે આને લઈને રાજનીતિ પણ તીવ્ર બની ગઈ છે. કોંગ્રેસે ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગતમાં અમદાવાદમાં એક સમિતિ દ્વારા ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવાને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. બીજી બાજુ ભાજપે આક્ષેપ કરતા કહ્યું છે કે, ભારતનું કદ વધી રહ્યું છે ત્યારે કોંગ્રેસને બિલકુલ ખુશી થઈ રહી નથી. આજના સમયમાં જે પ્રકારની સોદાબાજી ભારત અમેરિકા સાથે કરી રહ્યું છે તે પ્રકારની સોદાબાજી અંગે કોંગ્રેસ સરકાર તો ક્યારે વિચારી શકતી પણ ન હતી. બીજી બાજુ કોંગ્રેસના નેતા શશી થરુરે ઝુપડપટ્ટીની સામે દિવાલ બનાવવાને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાઢેરાએ ટ્વિટ કરીને કહ્યું છે કે, ટ્રમ્પના આગમન પર ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યા છે પરંતુ આ પૈસા એક સમિતિ મારફતે ખર્ચ થઈ રહ્યા છે. સમિતિના સભ્યોને માહિતી જ નથી કે તેઓ તેમના સભ્ય છે. કયા મંત્રાલય દ્વારા સમિતિને આટલા પૈસા આપવામાં આવ્યા છે તે અંગે દેશના લોકોને જાણવાનો અધિકાર છે. સમિતિની આડમાં સરકાર ઘણી બધી બાબતો છુપાવી રહી છે. ટ્રમ્પના ત્રણ કલાકના કાર્યક્રમમાં ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરનાર કોણ છે તે અંગે જાણવા માટે લોકો ઈચ્છુક છે. બીજી બાજુ ભાજપે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું છે કે, ટ્રમ્પની યાત્રા વિશ્વની સૌથી મોટી જુની લોકશાહીની આ યાત્રા છે. કોંગ્રેસ પાર્ટી આને લઈને ખુશ નથી. ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાનું કહેવું છે કે, વૈશ્વિક સ્તર પર ભારતનું કદ વધી રહ્યું છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં ઐતિહાસિક ક્ષણ આવી રહ્યા છે. ચિંતિત થવાના બદલે કોંગ્રેસના લોકોએ દેશની સિદ્ધિ પર ગર્વ કરવાની જરૂર છે. પાત્રાએ એમ પણ કહ્યું હતું કે, આજે ભારત વ્હાઈટ હાઉસના કોઈપણ નિર્ણયમાં ફ્રન્ટ અથવા તો સેન્ટરમાં છે જે અમારા માટે ગર્વની વાત છે. ૧૦ જનપથ દ્વારા મનમોહનસિંહને આ પ્રકારની તક ક્યારે આપી ન હોત. મોદી આજે આંતરરાષ્ટ્રીય નેતાઓની વચ્ચે જે કદ ધરાવે છે તે તમામ માટે ગર્વની વાત છે.

## સમિતિની આડમાં સરકાર કઈ બાબતો છુપાવે છે : પ્રિયંકા

ભગવાન રામની વિશેષ પૂજા કરશે

# ઉદ્ધવ ઠાકરે સાતમી માર્ચે અયોધ્યાનો પ્રવાસ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાતમી માર્ચના દિવસે અયોધ્યાની મુલાકાત લેશે જ્યાં તેઓ તેમના નેતૃત્વમાં મહાવિકાસ અઘાડી સરકારના ૧૦૦ દિવસ પૂર્ણ થવાના પ્રસંગે ભગવાન રામની પૂજા કરશે. ટ્વિટ કરીને શિવસેનાના નેતા સંજય રાવતે કહ્યું છે કે, ઠાકરે બપોરમાં ભગવાન રામની પુજા કરશે અને ત્યારબાદ સાંજે સરયુ નદીના કિનારે આયોજિત મહાઆરતીમાં ભાગ લેશે. સંજય રાવતે મોટી સંખ્યામાં ઐતિહાસિક કાર્યક્રમમાં ભાગ લેવા તમામ શિવસૈનિકોને અપીલ કરી છે. પ્રવક્તાએ દિલ્હી સરકાર સમક્ષ આ મામલાને મોકલી દીધો છે. દિલ્હી સરકાર તરફથી આ સંદર્ભમાં હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી શકી નથી. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને શિવસેના સાથે મળીને લડ્યા હતા અને બહુમતિ પણ મળી ગઈ હતી પરંતુ મુખ્યમંત્રી પદના મુદ્દે શિવસેનાએ જિદ્દી વલણ અપનાવ્યા બાદ ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધ તુટી ગયા હતા. શિવસેનાએ કોંગ્રેસ અને એનસીપી સાથે મળીને સરકાર બનાવી હતી. આ સરકારને હવે ૧૦૦ દિવસ પુરા થઈ ગયા છે.

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે અરજી ફગાવી

# નિર્ભયા : મેડિકલ હેલ્પ લેવાની વિનયની અરજી ફગાવી દેવાઈ

## માનસિક રોગી તરીકે દર્શાવીને ફાંસીને ટાળવાના વિનયના પ્રયાસો : અક્ષય અને વિનય પરિવારને મળી શકશે : તંત્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે નિર્ભયા ગેંગરેપ અને મર્ડર કેસના એક અન્ય દોષિત વિનય શર્માની અરજીને આજે ફગાવી દીધી હતી જેમાં વિનય દ્વારા પોતાને માનસિકરોગી દર્શાવીને મેડિકલ સારવાર માટેની માંગ કરી હતી. આ મામલામાં હવે ત્રીજી વખત ડેથ વોરંટ જારી કરવામાં આવી ચુક્યા છે. ડેથ વોરંટ મુજબ ત્રીજી માર્ચના દિવસે સવારે છ વાગે ફાંસી આપવામાં આવનાર છે પરંતુ દોષિતો બચાવ માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે. કેટલીક વખત પોતાને માનસિક બિમાર તરીકે ગણાવી રહ્યા છે જ્યારે કેટલીક વખત એવી દલીલ આપવામાં આવી રહી છે કે, ઘટના વખતે તેઓ સગીર હતા. કેટલીક વખત રાષ્ટ્રપતિ દ્વારા દયા અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી રહી છે. હવે આ ક્રમમાં જ દોષિત વિનય શર્માએ પોતાને સીજોફ્રેનિયાના દર્દી તરીકે ગણાવીને કોર્ટમાં રજૂઆત કરવામાં આવી છે. કોર્ટે ચુકાદો આપતા કહ્યું છે કે, ફાંસી પહેલા દોષિતોને ગભરાહટ અને આ પ્રકારની તકલીફ પડે તે સ્વાભાવિક છે. આ બાબતના પુરતા પુરવા છે કે, કેસમાં મેડિકલ ટ્રિટમેન્ટ અને મનોવૈજ્ઞાનિક મદદ આપવામાં આવી ચુકી છે. બીજી બાજુ કોર્ટના ચુકાદા બાદ નિર્ભયાની માતા આશાદેવીએ કહ્યું છે કે, ફાંસીને ટાળવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે. દોષિત કોર્ટને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમના લગભગ તમામ કાયદાકીય વિકલ્પો પૂર્ણ થઈ ચુક્યા છે. તેમને હવે ત્રીજી માર્ચના દિવસે ફાંસી આપી દેવામાં આવશે તે બાબત નિશ્ચિત દેખાઈ રહી છે. મામલાની સુનાવણી દરમિયાન તિહાર જેલ વહીવટીતંત્રએ શનિવારના દિવસે દલીલ આપી હતી કે, વિનયના દાવા ખોટા તથ્યો ઉપર આધારિત છે. જેલના અધિકારીઓએ શનિવારના દિવસે એડિશનલ સેશન જજ ધર્મેન્દ્ર રાણાને કહેવામાં આવ્યું હતું કે, સીસીટીવી ફુટેજથી સાબિત થયું છે કે, દોષિત વિનયે ચહેરાને પોતાને ઈજા પહોંચાડી હતી અને તે કોઈપણ પ્રકારના મનોવૈજ્ઞાનિક વિકારથી ગ્રસ્ત નથી. ૨૦૧૨માં દિલ્હી ગેંગરેપ અને હત્યાનો શિકાર થયેલી નિર્ભયાની માતા આશાદેવીએ કહ્યું છે કે, ફાંસીને ટાળવાના પ્રયાસ થઈ રહ્યા છે. તમામ કાયદાકીય વિકલ્પો તેમને આપવામાં આવી ચુક્યા છે. બીજી બાજુ જેલ વહીવટીતંત્રના અધિકારીઓનું કહેવું છે કે, મેડિકલ રેકોર્ડ પણ દર્શાવે છે કે, આરોપી કોઈરીતે માનસિક બિમારીથી ગ્રસ્ત નથી. હોસ્પિટલમાં તપાસની પણ કોઈ જરૂર નથી. જેલના તબીબો નિયમિતરીતે તપાસ કરી રહ્યા છે. બીજી બાજુ નિર્ભયા મામલામાં અપરાધીઓના પરિવારને અંતિમ વખત મળી લેવા માટે પણ પત્રો લખવામાં આવ્યા છે. અગાઉ અપરાધીઓને તક આપવામાં આવી ચુકી છે પરંતુ અક્ષય અને વિનયને પરિવારના સભ્યોને મળવા માટેનો સમય પુછવામાં આવ્યો છે. ચાર દોષિતોને અંતિમ વખત પરિવારના સભ્યોની મુલાકાત કરવા અંગે પત્રો લખવામાં આવ્યા છે. જેલ વહીવટીતંત્રનું કહેવું છે કે, પવન અને મુકેશને માહિતી આપી દેવામાં આવી છે કે તેઓ પહેલાથી જ પોતાના પરિવારના સભ્યોને મળી ચુક્યા છે. હવે અક્ષય અને વિનયને પરિવારના સભ્યોને મળવાની તક આપવામાં આવી છે.

દેખાવકારો જિદ્દી વલણ ઉપર હજુ પણ અકબંધ

# શાહીન બાગ : ચોથા દિવસે પણ મંત્રણા નિષ્ફળ પુરવાર

## દેખાવકારોમાં પણ મતભેદની સ્થિતિ : નોઈડા-કાલિંદીકુંજ રોડને થોડાક સમય માટે ખોલી દેવાયા બાદ ફરીથી બંધ

નવી દિલ્હી,

દિલ્હીના શાહીનબાગમાં નાગરિક સુધારા કાનૂનની સામે વિરોધ પ્રદર્શનનો દોર આજે પણ યથાવતરીતે જારી રહ્યો હતો. દેખાવકારો સાથે સુપ્રીમ કોર્ટ તરફથી નિમાયેલા મંત્રણાકાર સાધના રામચંદ્રને આજે ચોથા દિવસે પણ વાતચીત કરી હતી પરંતુ આ વાતચીત ફ્લોપ રહી હતી. શાહીનબાગને ખોલી દેવાને લઈને મતભેદો અકબંધ રહ્યા છે. ચોથા દિવસે પણ દેખવકારોની એકપણ વાત સાંભળવા દેખાવકારો તૈયાર થયા ન હતા. સાત જેટલી માંગણીઓ દર્શાવીને મંત્રણાકારોને પરત મોકલી દેવામાં આવ્યા હતા. દેખાવકારોએ મંત્રણાકાર સમક્ષ સાત માંગણી મુકીને કહ્યું હતું કે, જ્યાં સુધી સીએએને પરત લેવામાં આવશે નહીં ત્યાં સુધી રસ્તાને ખાલી કરવામાં આવશે નહીં. સવારે ૧૦.૩૦ વાગે સાધના રામચંદ્રન પહોંચ્યા હતા અને કહ્યું હતું કે, જો રસ્તો ખુલશે નહીં તો તેમની મદદ કરી શકાશે નહીં. અમે પ્રદર્શન ખમત કરવા માટે કહી રહ્યા નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ સરકાર તરફથી પણ આવ્યા નથી. સુપ્રીમ કોર્ટના કહેવાથી અમે આવ્યા છે અને સુરક્ષા આપવામાં આવે તેવી અમારી રજૂઆત છે. એક પાર્કમાં વિરોધ પ્રદર્શન કરવા માટે કહેવામાં આવશે. એનપીઆરને લાગૂ કરવાની જરૂર નથી. કેન્દ્રીય મંત્રીઓના વિવાદાસ્પદ નિવેદનો બદલ કાર્યવાહી થવી જોઈએ. આંદોલનમાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને વળતર મળવા જોઈએ. પ્રદર્શન દરમિયાન ઘાયલ થયેલા લોકોને સારવાર માટે રકમ મળવી જોઈએ. દિલ્હી પોલીસ પર વિશ્વાસ હોવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. બીજી બાજુ શાહીનબાગ પ્રદર્શન કરનાર લોકોમાં પણ મતભેદની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. ૭૦ દિવસથી પ્રદર્શન જારી છે. આજે આશરે બે મહિના બાદ નોઈડા-ફરિદાબાદને જોડનાર માર્ગને ખોલી દેવામાં આવ્યો હતો પરંતુ થોડાક સમય બાદ જ તેને ફરી બંધ કરી દેવામાં આવ્યો હતો. દેખાવકારોના એક ગ્રુપે રોડ નંબર ૯ને દૂર કરી દેવામાં આવી છે જેથી અહીંથી વાહનોની અવરજવર શરૂ થઈ હતી. જો કે, થોડાક સમય બાદ જ અન્ય ગ્રુપના લોકોએ આવીને આ રસ્તાને ફરી બંધ કરી દેવાનો નિર્ણય કર્યો હતો. પ્રદર્શનકારીઓ વચ્ચે પણ ખેંચતાણની સ્થિતિ થઈ ગઈ છે. આજે નોઈડા-કાલિંદીકુંજને ખોલી દેવામાં આવ્યા બાદ લોકોએ ખુશી વ્યક્ત કરી હતી.

જો કે, આ ખુશી થોડાક સમય માટે જ રહી હતી. કારણ કે, દેખાવકારોએ ફરી આ રસ્તાને બંધ કરી દીધો હતો. શાહીનબાગમાં વિરોધ પ્રદર્શન છેલ્લા ૭૦ દિવસથી જારી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી ટીમની વાત પણ સ્વીકારવામાં આવી રહી નથી.

અમેરિકા બાદ ભારતમાં સૌથી વધુ રોકાણ કર્યું

# ભારતના રિયલ એસ્ટેટમાં ટ્રમ્પે જંગી નાણા રોક્યા છે

નવી દિલ્હી,

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીના દિવસે ભારત યાત્રાએ પહોંચી રહ્યા છે ત્યારે કેટલીક નવી બાબતો પણ જાણવા મળી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ માત્ર રાજનેતા જ નહીં બલ્કે અમેરિકાના એક દિગ્ગજ કારોબારી પણ છે. રિયલ એસ્ટેટની સાથે સાથે અન્ય કારોબારમાં પણ ટ્રમ્પ પૈસા લગાવી ચુક્યા છે. સૌથી મોટી બાબત એ છે કે, ટ્રમ્પે રિયલ એસ્ટેટમાં નોર્થ અમેરિકા બાદ જો કોઈ જગ્યાએ સૌથી વધુ પૈસા લગાવ્યા છે તો તે ભારત છે. ટ્રમ્પની યાત્રા અનેકરીતે ખુબ મહત્વ પૂર્ણ રહેલી છે. કારોબારી અને રાજનેતા તરીકેના ગુણ ટ્રમ્પ ધરાવે છે. ડોનાલ્ડ ટ્રમ્પ ભારતમાં પ્રથમ વખત આવી રહ્યા છે પરંતુ તેમના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર હાલના વર્ષોમાં અનેક વખત ભારતની યાત્રા કરતા રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર ઘણી બધી જવાબદારી સંભાળી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પના સામ્રાજયની વાત કરવામાં આવે તો દ ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન ૫૦૦ કારોબારી એકમોના ગ્રુપ તરીકે છે જેના માલિક ડોનાલ્ડ ટ્રમ્પ છે. ૨૫૦થી વધુ કંપનીઓ ટ્રમ્પના નામનો ઉપયોગ કરે છે. આની સ્થાપના ટ્રમ્પના દાદી એલિઝાબેથ ક્રાઈસ્ટ તથા પિતા ફ્રેડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી. કંપનીની વાર્ષિક આવક આશરે ૫૦૦૦ કરોડ રૂપિયા છે. ડોનાલ્ડ ટ્રમ્પના અમેરિકી પ્રમુખ બનતા પહેલા તેમની કંપનીના હિતોના સંઘર્ષથી બચવા માટે કોઈ અન્ય દેશમાં રોકણની તમામ યોજનાઓનો રોકી રાખવામાં આવી છે. ન્યુયોર્કની કંપની દ ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનો વર્ષ ૨૦૧૩માં ભારતીય રિયલ એસ્ટેટ બજારમાં એન્ટ્રી કરી હતી અને ભારતીય કંપનીની સાથે મળીનો પાંચ લકઝરી પ્રોજેક્ટ લોંચ કરવામાં આવી ચુક્યા છે. ટ્રમ્પની કંપનીઓ સાથો ભારતીય કંપનીઓ લોધા ગ્રુપ, પંચશીલ રિયાલીટી, ટ્રિડેટા, યુનિમાર્ક અને આઈરિયો કામ કરી રહી છે. ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન સાથે કામ કરનાર કંપનીઓનું કહેવું છે કે, તે માત્ર ટ્રમ્પના બ્રાન્ડ નેમ ઉપર ૪૦૦ ટકા વધારાની કિંમત વસુલ કરી રહી છે. ટ્રમ્પ ટાવર્સ પુણેમાં અનેક વિશેષતા રહેલી છે. જે કલ્યાણીનગરમાં સ્થિત છે. ૨૩ માળના બે ટાવર આવેલા છે. કિંમત ૧૫ કરોડ રૂપિયા ઉપરની છે. પુણેના આ એપાર્ટમેન્ટમાં રિષી કપૂર અને રણબીર કપૂરે એક-એક એપાર્ટમેન્ટની ખરીદી કરેલી છે. આવી જ રીતે મુંબઈમાં ટ્રમ્પ ટાવર છે જે ૭૫ માળની છે. તેમાં ૩૦૦ અપાર્ટમેન્ટ આવેલા છે. અહીં નવ કરોડ રૂપિયા સાથે શરૂઆત થાય છે. કોલકાતામાં પણ ટ્રમ્પ ટાવર છે જેમાં ૩.૭૫ કરોડ રૂપિયાથી કિંમત શરૂ થાય છે. આમા પણ તમામ વિશેષતા રહેલી છે. સનટેરેસની સુવિધા આમા રાખવામાં આવી છે. આ ઉપરાંત ગુડગાંવમાં ટ્રિડેટા ટ્રમ્પ ટાવર છે જેમાં ૫૦ માળના બે ટાવર છે. અહીં કિંમત ૫.૫ કરોડ રૂપિયાથી શરૂ થાય છે. ૨૨ ફૂટ ઉંચા ડબલ હાઈટ લિવિંગ રુમની વિશેષતા રહેલી છે.

## તંત્રી લેખ.....

### વિદેશી મુદ્રા ભંડોળની વૃદ્ધિથી હરખાવા જેવું નથી

અમેરિકાના રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશે ઈરાકના તત્કાલીન શાસક સદ્દામ હુસેનને પાઠ ભણાવવા તેના ઉપર હુમલો કર્યો હતો.આ ખાડીયુદ્ધ દરમિયાન વિશ્વસ્તરે ક્રૂડઑઈલની કિંમતો વધવા માંડી હતી. આ સમય દરમિયાન દેશમાં રાજકીય સ્થિતિ પણ ડામાડોળ હતી.જનતાદળની સરકાર આવી જેમાં વડા પ્રધાનપદે વિશ્વનાથ પ્રતાપ સિંઘ હતા, પરંતુ આ સરકાર લાંબો સમય ટકી નહીં. ત્યાર બાદ કૉંગ્રેસના ટેકાથી ચંદ્રશેખર સરકાર આવી, પરંતુ લાંબો સમય સુધી સત્તામાં રહી નહીં. આ સમય દેશ માટે ભારે અનિશ્ચિતતાનો હતો, જેથી આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ હતી.બીજી બાજુ ખાડીયુદ્ધને પરિણામે ક્રૂડઑઈલના ભાવ ભડકે બળતા હતા અને ત્યારે દેશને વિદેશી મુદ્રાની ભારે ખેંચનો સામનો કરવો પડ્યો હતો.જૂન-૧૯૯૧માં દેશનું વિદેશી મુદ્રા ભંડોળ ૧૧૨૪ મિલિયન ડૉલર જ રહી ગયું, જે માત્ર ત્રણ અઠવાડિયા સુધી આયાત સામે ચાલે તેટલું જ હતું.આના પરિણામે ડૉલર સામે રૂપિયાનું મૂલ્ય ૧૮.૫% ઘટી રૂપિયો ૨૬ પ્રતિ ડૉલર પહોંચ્યો હતો.આ સ્થિતિને લીધે ક્રૂડઑઈલના આયાત બિલને પહોંચી વળવા વિદેશી મુદ્રા ભંડોળ હતું નહીં.જેને કારણે ભારતે રિઝર્વ બેંકમાંથી કુલ ૬૭ ટન સોનું બેંક ઑફ ઈંગ્લેન્ડ અને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ પાસેથી ગિરવે મૂકી ૧.૮ અબજ ડૉલરની લોન લેવી પડી.૧૯૯૧ના જૂનમાં કૉંગ્રેસે ચંદ્રશેખર સરકારને બહારથી આપેલો ટેકો પાછો ખેંચી લેતાં અંતે ૨૧ જૂન ૧૯૯૧માં દેશમાં નરસિંહ્મારાવની સરકાર આવી, જેમાં નાણાપ્રધાન તરીકે મનમોહનસિંહે નવી આર્થિક નીતિઓ અમલમાં મૂકી દેશને નવી રાહ ચીંધી.૧૯૯૧માં અમલી બનેલ ઉદારીકરણની નીતિને પગલે વિદેશી રોકાણોમાં છૂટ મળતાં રોકાણો વધ્યા.જેમાં ઉદ્યોગો, બૅંક, કંપનીઓ અને આંતરમાળખાકીય ક્ષેત્ર જેવાં કે વીજળી, રસ્તાઓ, બંદરો જેવા ક્ષેત્રોમાં પણ વિદેશી રોકાણો વધ્યા. નાણાં સંસ્થાઓ, સ્ટૉક માર્કેટ તેમજ ટ્રૅડ ક્ષેત્રે ઉદારીકરણ નીતિ અમલી બની.

આર્થિક સુધારાને કારણે દેશનો આર્થિક વિકાસ દર વધતો રહ્યો. ઉદારીકરણના પ્રથમ દસ વર્ષમાં આ વૃદ્ધિદર સરેરાશ ૫.૮ ટકા હતો. (૧૯૯૧-૨૦૦૦).

જે ૧૯૮૦-૧૯૯૦ના સુધારાના આરંભના દાયકામાં સરેરાશ ૫.૬ ટકા હતો.

જ્યારે ૨૦૦૦થી ૨૦૦૭ ના ગાળામાં આ વિકાસ દર વધીને સરેરાશ ૭.૬ ટકા થયો અને ૨૦૦૭થી ૨૦૧૨ દરમિયાન સરેરાશ ૭.૯ ટકા રહેવા પામ્યો હતો અને ક્રમશઃ એ આઠ ટકા જેટલો ઊંચો રહેવા લાગ્યો હતો.રાવ સરકારે તથાકથિત સમાજવાદી આર્થિક નીતિઓને સ્થાને બજારવાદી નીતિઓને અમલમાં મૂકી.૧૯૯૧માં સર્જાયેલી નાણાંકીય કટોકટીને કારણે જે પરિસ્થિતિ ઊભી થઈ હતી તેના પરિપ્રેક્ષમાં વૈશ્વિક નાણાં સંસ્થાઓ એ પણ રાવ સરકારનાં આ પગલાંને આવકાર્યાં હતાં.દેશના તત્કાલીન વડાપ્રધાન પી. વી. નરસિંહ્મારાવ અને નાણાંમંત્રી મનમોહનની સરકારે મોટા પાયે સુધારા કરતા વિદેશીમૂડી રોકાણ વધવા પામ્યું. ૧૯૯૧ પછી દેશમાં વિદેશી મુદ્રાભંડોળ વધવા પામ્યું.આમ ઉદારીકરણને પરિણામે કુલ વિદેશી મૂડી રોકાણ જે ૧૯૯૧-૯૨ દરમિયાન ૧૩૨ મિલિયન ડૉલર હતું તે વધીને ૧૯૯૫-૯૬ સુધીના માત્ર પાંચ જ વર્ષમાં વધીને ૫.૩ અબજ ડૉલર થવા પામ્યું હતું.ત્યાર પછી આજ સુધી રાવ અને મનમોહન સિંહની જોડીએ નાખેલા મજબૂત પાયાને પરિણામે વિદેશી રોકાણ સતત વધતું જોવા મળ્યું.આજે ભારત વિદેશી રોકાણ કે મુદ્રા ભંડોળના મામલે સધ્ધર છે તેનું શ્રેય નરસિંહ્મારાવ સરકારને આપી શકાય.

આ બધુ શક્ય બન્યું તેની પાછળ વડાપ્રધાન રાવની સરકારની રાજકીય ઈચ્છાશક્તિ અને કુનેહ કારણભૂત હતી.આમ ૧૯૯૦માં દેશ પાસે વિદેશી હુંડિયામણ ફક્ત એક અબજ ડૉલર હતું, વિદેશી દેવું છ અબજ ડૉલરનું હતું અને એન.આર.આઈની થાપણો ૧૦ અબજ ડૉલરની હતી આવી કપરી પરિસ્થિતિમાં દેશને બહાર લાવવાનું કામ રાવ સરકારે કર્યું.૧૭મી જાન્યુઆરી ૨૦૨૦ ના અંતે ભારતનું વિદેશી મુદ્રાભંડોળ ૯૪.૩ કરોડ ડૉલરથી વધીને ૪૬૨.૧૬ અબજ ડૉલરે પહોંચ્યું, જે તેની નવી વિક્રમી ઊંચી સપાટી છે.ફોરેન કરન્સી એસેટ્સ કે વિદેશી ચલણના ભંડોળમાં વધારો થવાને પરિણામે ભારતનું કુલ ફોરેક્સ રિઝર્વ સતત વધી રહ્યું છે.ફોરેન કરન્સી એસેટ્સ ૮૬.૭ કરોડ ડૉલર વધીને ૪૨૮.૪૫ અબજ ડૉલરે પહોંચી ગયું છે. ફોરેન કરન્સી એસેટનું કુલ ફોરેક્સ રિઝર્વમાં મોટું યોગદાન છે.ભારતનું સુવર્ણ ભંડોળ પણ ૭ કરોડ ડૉલરથી વધીને ૨૮.૫૬ અબજ ડૉલર નોંધાયું છે.અમેરિકા અને ઈરાન વચ્ચે તંગદિલી વધતાં સોનાના ભાવ વધતા કુલ રિઝર્વમાં પણ સતત વધારો થયો છે.સ્પેશિયલ ડ્રૉઈંગ રાઈટ્સ ૧.૪૫ અબજ ડૉલર થયું છે અને ભારતની રિઝર્વ પોઝિશન ૩.૭૦ અબજ ડૉલરે પહોંચી છે.બીજી મહત્વની વાત છે વિદેશમાં વસતા ભારતીયો દ્વારા દેશમાં જે નાણાં પ્રવાહ આવે છે તેમાં વર્લ્ડ બૅંક દ્વારા પ્રાપ્ત ડેટા અનુસાર ૨૦૧૮ માં દેશમાં એન.આર.આઈ દ્વારા કુલ રેમિટન્સ ૫૮ અબજ ડૉલર થયું, જેમાં સૌથી વધુ રેમિટન્સ ગલ્ફના દેશોમાં થી ૩૪ અબજ ડૉલર આવ્યું છે.

૧૯૯૦-૯૧ વિદેશી હુંડિયામણની સ્થિતિ અત્યંત ખરાબ બનીને ભારત પાસેના વિદેશી મુદ્રાભંડોળ માંડ ત્રણ અઠવાડિયાની આયાત પોષી શકે તેટલાં બચ્યાં હતાં.આજે ભારતનું વિદેશી મુદ્રાભંડોળનું રિઝર્વ ૪૬૨.૧૬ અબજ ડૉલરની વિક્રમી સપાટીએ પહોચ્યું છે. સ્વાભાવિક રીતે જ આ આનંદ પમાડે તેવી બાબત છે.પણ આ પરિસ્થિતિમાં ફૂલીને ફાળકો થઈ જતાં પહેલાં એ વાત સમજાવી જોઈએ કે આપણે ૮૩ ટકા જેટલી ક્રૂડઑઈલની જરૂરિયાત આયાતથી સંતોષવી પડે છે,


## કર્ણાવતી મેટ્રો

**આપના લખાણ દ્વારા આપના અવાજને વાચા આપો.....આપે શું કરવાનું રહેશે.**

આપની સોસાયટી, આપની પોળ, ચાલી, આપના વિસ્તારોના પ્રશ્નો, સમસ્યાઓ, કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખી મોકલવાની રહેશે, આપ આપના નિવેદનો, તંત્રીને પત્રો, ટુંકા લેખો, સમસ્યા અને પ્રશ્નોની છણાવટ કરી રજુઆત સત્વરે મોકલો.

આપના લખાણ કર્ણાવતી મેટ્રો દૈનિકમાં છપાશે. ઓછા શબ્દે ધારદાર કામની કેડી કંડારો, વીજળી, પાણી, રસ્તા, અનાજ, કેરોસીન, જીવન જરૂરિયાતની ચીજવસ્તુના ભાવ, અસામાજિક પ્રવૃત્તિઓ, પ્રદુષણ અને એવી અનેક સમસ્યાઓની ધારદાર રજુઆત કરો. સત્વરે કલમ ઉપાડો....લખો....અને મોકલો.....નગરના કોઈપણ વિસ્તારના નગરજનોને સળગતી સમસ્યાઓ બાબતે જાગૃતિ કેળવવા માટે.

"કર્ણાવતી મેટ્રો દૈનિક" કાર્યાલય ૫૬, કાપડીયા એસ્ટેટ મારકેટ ગોલવાડ, રતનપોળ, અમદાવાદ MO : 8758206371


# સોનભદ્રમાંથી નીકળેલું સોનું બદલી નાખશે ભારતીય અર્થતંત્રનો ચહેરો

સોનાનો ભંડાર મળવાના કારણે ઉત્તર પ્રદેશનો સોનભદ્ર જિલ્લો અચાનક જ ચર્ચામાં આવી ગયો. આ જિલ્લાના ગામડાંઓના વિસ્તારમાં ૩ હજાર ટનથી વધુ સોનાનું મળ્યું છે. જેની પુષ્ટિ પણ થઈ ગઈ છે. એવો અનુમાન લગાવવામાં આવી રહ્યો છે કે આ ભંડારાથી દેશની ઈકોનોમીની દશા અને દિશા બદલી શકે છે. આવો જાણીએ કે ભારતીય ઈકોનોમીને તેનાથી કેટલો ફાયદો થશે. સોનભદ્રના સોનાથી ભારતનું રિઝર્વ ૫ ગણું વધી જશે. હકીકતે, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના રિપોર્ટ જણાવે છે કે હાલના સમયમાં ભારતની પાસે લગભગ ૬૨૬ ટન સોનાનો ભંડાર છે. ત્યાં જ સોનભદ્ર જિલ્લામાં મળેલ સોનું તેનાથી લગભગ ૫ ગણુ વધારે છે.હવે માનવામાં આવી રહ્યું છે કે સોનાના રિઝર્વને લઈને ભારત દુનિયાના ટોપ-૩ દેશોમાં શામેલ થઈ શકે છે. સોનભદ્રમાં સોનાના ભંડારનો એક આયાત પર જોવા મળી શકે છે. આ વાતની સંભાવના છે કે આવનાર સમયમાં ભારત સોનાની આયાત ઓછી કરી દે. હકીકતે ભારત દુનિયામાં સોનાની સૌથી વધુ આવક કરે છે. ભારતમાં મુખ્યત્વે સોનાના ઘરેણાંની માંગ પુરી કરવા માટે સોનાની આયાત કરવામાં આવે છે. સરકારી આંકડાઓ અનુસાર દેશની વાર્ષિક સોનાની આયાત ૮૦૦-૯૦૦ ટન છે. ત્યાં જ મુલ્યના આધાર પર દેશની ગોલ્ડ આયાત લગભગ ૩૩ અરબ ડોલર છે.આયાત ઓછી થવાનો મતલબ છે કે વ્યાપાર ઘાટામાં પણ દેશને રાહત મળશે. હકીકતે, ૨૦૧૯-૨૦ના એપ્રિલ-નવેમ્બરમાં સોનાની આયાતમાં કપાતથી વ્યાપાર ઘાટો પણ ઓછો થયો અને તે ૧૦૬.૮૪ અરબ ડોલર પર રહ્યો. એક વર્ષ પહેલા આ સમયગાળામાં વ્યાપાર ઘાટો ૧૩૩.૭૪ અરબ ડોલર પર હતો. જાહેર છે કે વ્યાપાર ઘાટાના કામ હોવાથી દેશના સરકારી ખજાનામાં પૈસાની બચત થશે અને રાજકોષીય ઘાટામાં સુધારો થશે. અહીં જણાવી દઈએ કે મોદી સરકાર સતત ત્રીજા વર્ષે રાજકોષીય ઘાટાનું લક્ષ્ય હાસિલ નથી કરી શકી.ચાલુ નાણાંકીય વર્ષમાં વધીને ઘરેલુ ઉત્પાદનના ૩.૮ ટકા થવાનો અનુમાન છે. જેના પહેલા તેની ૩.૩ ટકા રહેવાની સંભાવના દર્શાવવામાં આવી હતી. આવતા નાણાંકીય વર્ષ માટે રાજકોષીય ખાધ ૩.૫ ટકા રહેવાનું અનુમાન છે. રાજકોષીય નુકશાન સરકારની આવક અને વ્યયના અંતરને દર્શાવે છે. તેનો મતલબ છે કે સરકારની પાસે જે સાધન છે તે તેનાથી વધુ ખર્ચ કરી રહી છે. રાજકોષીય ખાધમાં ઘટાડાની અસર એવી જ થશે જે તમારી કમાણીના મુકાબલામાં ખર્ચ ઓછી થવા પર થાય છે. ખર્ચ વધવાની સ્થિતિમાં આપણે પોતાની જરૂરીયાતોને પુરી કરવા માટે દેવું લઈએ છીએ.જણાવી દઈએ કે સરકાર આવતા નાણાકીય વર્ષમાં બજારમાંથી ૫.૩૬ લાખ કરોડ રૂપિયાનું દેવુ લેશે. ત્યાં જ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના માર્ચ સુધી ૪.૯૯ લાખ કરોડ રૂપિયા દેવુ એકઠા કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ સમયમાં દેશની જીડીપી ગ્રોથ રેટમાં સુધારો થશે. ચાલુ નાણાંકીય વર્ષમાં દેશની જીડીપી ગ્રોથ રેટ ૫ ટકા પર રહેવાનો અનુમાન છે. આટલું જ નહીં નાણાંકીય વર્ષમાં ૬થી ૬.૫ ટકા ગ્રોથનું અનુમાન જણાવવામાં આવી રહ્યું છે. જો જીડીપી ગ્રોથ રેટમાં સુધારો થાય છે તો મોદી સરકારના ૨૦૨૫ સુધી ૫ ટ્રિલિયન ડોલર ઈકોનોમીનું સપનું પણ પુરૂ થઈ જશે.કહેવામાં આવી રહ્યું છે કે જિઓલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા યાને કે જીએસઆઈની ટીમ છેલ્લા ૧૫ વર્ષથી સોનભદ્રમાં આ મુદ્દે કામ કરી રહી હતી.આઠ વર્ષ અગાઉ ટીમે જમીનમાં સોનું હોવાની વાતની પૃષ્ટિ કરી હતી.

હવે ઉત્તર પ્રદેશ સરકારે આ જ્યાં સોનાની સંભાવના છે તે વિસ્તારને વેચવા માટે ઈ-હરાજીની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.સોનભદ્રના ખનન અધિકારી કેકે રાય કહે છે કે, જીએસઆઈની ટીમે લાંબા સમયથી અહીં કામ કરી રહી હતી. હવે હરાજીનો આદેશ આવી ગયો છે.'આ જ ક્રમમાં જિઓ ટેગિંગ શરૂ કરવામાં આવ્યું છે અને ખૂબ જલદી હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.જિલ્લામાં યુરેનિયમનો ભંડાર હોવાનું પણ અનુમાન છે જેના માટે કેન્દ્ર સરકારની કેટલીક ટીમો શોધખોળમાં લાગી છે અને જલદી તેઓ એમના અભિયાનમાં સફળ થશે.ખનન અધિકારીના મતે હરાજી અગાઉ ચિહ્નિત ખનિજ સ્થળોની જિઓ ટેગિંગ માટે સાત સભ્યોની ટીમ ૨૨ ફેબ્રુઆરી સુધી ખનન નિદેશકને અહેવાલ રજૂ કરશે. આના પછી જ ઑનલાઈન જાહેરાત કરવાનો સરકાર આદેશ આપશે.એમણે કહ્યું કે જાહેરાતને લીલી ઝંડી મળ્યા પછી જ ખનનની પરવાનગી અપાશે.જીએસઆઈની વાત સાચી માનવામાં આવે તો સોનભદ્રની પહાડી પર આશરે ૩,૦૦૦ ટન સોનાનો ભંડાર અને હરદી બ્લૉકમાં ૬૦૦ કિલો સોનાનો ભંડાર છે.જેએસઆઈ મુજબ આ સ્થળો ઉપરાંત પુલવાર અને સલઈયાડીહ બ્લૉકમાં પણ લોહ અયસ્કના ભંડારની જાણ થઈ છે.જોકે, આ લોહ અયસ્કમાં કેટલું સોનું મળશે એ અયસ્કની ગુણવત્તા ઉપર આધાર રાખે છે.

જાણકારો મુજબ જો અયસ્કની સારી ગુણવત્તાનું હોય તો એમાંથી નીકળનાર સોનાની માત્રા અયસ્કની કુલ માત્રાથી અડધી હોઈ શકે છે.જેએસઆઈએ અહીંની જમીનમાં ૯૦ ટન ઍંડોલુસાઈટ, ૯ ટન પોટાશ, ૧૦ લાખ ટન સિલેમિનાઈટના ભંડારની પણ ખોજ કરી છે અને જલદી આ ધાતુઓનું ખોદકામ પણ શરૂ કરવામાં આવશે.ખાણ અને ખનિજ વિભાગે આની ઈ-હરાજી માટેની કાર્યવાહી શરૂ કરી છે અને જલ્દી સોનાના બ્લૉકોની પણ હરાજી કરવામાં આવશે.વર્ષ ૨૦૦૫માં જિઓલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયાની ટીમે અભ્યાસ કરીને સોનભદ્રમાં સોનું હોવા અંગે કહ્યું હતું અને તેની પૃષ્ટિ ૨૦૧૨માં કરવામાં આવી હતી. જોકે, એ પછી ખનનની દિશામાં કોઈ ઠોસ કાર્યવાહી ન થઈ.વિપુલ પ્રમાણમાં ખનિજ પદાર્થોની સંભાવનાને પગલે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હૅલિકૉપ્ટરથી સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે.આ સર્વેક્ષણમાં વિદ્યુતચુંબકીય ઉપકરણ સ્પેક્ટ્રોમિટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ સાધનનો કેટલોક ભાગ હૅલિકૉપ્ટરથી નીચે લટકેલો રહે છે અને તે જમીનની સપાટીથી આશરે ૧૦૦ મિટર ઉપર ઉડીને સર્વેક્ષણ કરે છે.સોનભદ્રના જિલ્લા અધિકારી એન. રામલિંગમ મુજબ જે પહાડીમાં સોનું મળ્યું છે તેનું ક્ષેત્રફળ આશરે ૧૦૮ હૅક્ટર છે. સોન પહાડીઓમાં તમામ ખનિજ સંપદા હોવાને કારણે પાછલા ૧૫ દિવસથી સતત આ વિસ્તારમાં હૅલિકૉપ્ટર સર્વેક્ષણ કરાઈ રહ્યું છે.સોનભદ્રના ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટના કહેવા મુજબ સોનભદ્ર ઉપરાંત ભારત સરકાર મધ્ય પ્રદેશના સિંગરોલી જિલ્લામાં, ઉત્તર પ્રદેશના બલરામ અને ઝારખંડના ગઢવા જિલ્લાના અમુક ભૂભાગોમાં પણ આવું સર્વેક્ષણ થઈ રહ્યું છે.સ્થાનિક પત્રકાર જ્ઞાન પ્રકાશ ચતુર્વેદી કહે છે કે, સોનભદ્રના દુદ્ધી તાલુકા ક્ષેત્રમાં સોન પહાડીનો ઈતિહાસ સદીઓ જૂનો છે. અહીં ક્યારેક રાજા બરિયાર શાહનો કિલ્લો હતો.કિલ્લાની બેઉ બાજુ શિવ પહાડી અને સોન પહાડી સ્થિત છે. માન્યતા છે કે રાજાના કિલ્લાથી લઈને બેઉ પહાડીઓ સુધી સોનું, ચાંદી અને અષ્ટ ધાતુનો ખજાનો છુપાયેલો છે.આ જ સ્થળે એક ખેડૂતને આશરે ૧૦ વર્ષ અગાઉ ખેતર ખેડવામાં બહુમૂલ્ય ધાતુઓનો ખજાનો મળ્યો હતો જેને તંત્રે પોતાના કબ્જામાં લઈ લીધો હતો.ઉત્તર પ્રદેશના સોનભદ્રમાં સોનાનો ભંડાર મળ્યા બાદ હવે એવી આશા છે કે સોનાના ઉત્પાદન મામલે ભારત મોટી છલાંગ મારીને દુનિયામાં બીજા નંબર પર આવી જશે. હાલમાં ભારત સોનાના ભંડાર મામલે ઘણો પાછળ છે. આજે આપણે જાણીશું કે ક્યા ૧૦ દેશો પાસે સૌથી વધારે સોનું છે.

જીયોલોજીકલ સર્વે ઑફ ઈન્ડિયાને આ પહાડોમાંથી આશરે સાડા ત્રણ હજાર ટન સોનાનો ભંડાર મળી આવ્યો હતો. માત્ર સોનું જ નહીં પણ આસપાસના અન્ય વિસ્તારમાંથી વિવિધ ધાતુંઓ હોવાનું પણ અનુમાન કરવામાં આવી રહ્યું છે. સોનભદ્ર જિલ્લાના પનારી ગામની સોન પહાડીમાં ૨૯૪૩.૨૬ ટન સોનુ હોવાનો તેમજ ૫ડરછ ગ્રામ પંચાયતના હરદીમાં ૬૪૬ કિલો સોનુ હોવાની વાત જીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના અધિકારીઓએ જણાવી છે.

૧ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના એક રિપોર્ટ મુજબ અમેરિકા પાસે ભારત કરતા ૧૩ ગણું વધારે સોનું છે. અમેરિકા પાસે કુલ ૮,૧૩૩.૫ ટન સોનાનો ભંડાર છે.

૨ બીજા સ્થાન પર જર્મની છે, જેમની પાસે ૩,૩૬૬.૮ ટન સોનાનો ભંડાર છે.

૩ અમેરિકા અને જર્મની બાદ આંતરાષ્ટ્રીય મુદ્રા ફંડ(ઈંખ્ઋ) પાસે કુલ ૨૪૫૧.૮ ટન સોનાનો ભંડાર છે.

૪ ત્યાર બાદ ઈટાલીનો નંબર આવે છે. તેમની પાસે ૨૪૫૧.૮ ટન સોનું છે.

૫ જયારે ફ્રાંસ પાસે ૨૪૩૬.૧ ટન સોનું છે

૬ રશિયા પાસે ૨૨૧૯.૨ ટન સોનાનો ભંડાર છે.

૭ ભારતના પડોશી દેશ ચીન પાસે ૧૯૩૬ ટન સોનું છે.

૮ સ્વિત્ઝરલેન્ડમાં ૧૦૪૦ ટન સોનાનો ભંડાર છે.

૯ જાપાન પાસે ૭૬૫.૨ ટન સોનું છે.

૧૦ ભારત પાસે સોનાનો ભંડાર ૬૧૮.૨ ટન પહોંચી ગયો છે.

## લાંબાગાળે ફાયદો

કોરોના વાઈરસે વિશ્વના અર્થતંત્રને હચમચાવી દીધું છે. ચીન વિશ્વમાં સૌથી મોટું બજાર છે. ચીનની આયાત-નિકાસ પર ઘણા દેશોની ઈકોનોમી અવલંબિત છે. ચીનને કોરોના વાઈરસને દશ વર્ષ પાછળ ધકેલી દીધું છે. અગાઉ અમેરિકા સાથે ટ્રેડ-ટેરીફ વૉર અને હવે કોરોના વાઈરસે અર્થતંત્રને તોડી નાખ્યું છે. તેની અસર ભારતમાં થઈ રહી છે.એશિયા-પેસિફિક પ્રદેશમાં ચાલુ વર્ષ માટે વૃદ્ધિદર ઘટાડીને ૫.૨ ટકા અંદાજ્યો છે. ચીનનો વૃદ્ધિદર ઘટાડીને ૫.૨ ટકા અંદાજ્યો છે જે અગાઉ ૫.૮ ટકા અંદાજ્યો હતો. ભારતમાં જીડીપી વૃદ્ધિ અંદાજ ઘટાડીને ૫.૪ ટકા મૂક્યો છે જે અગાઉ ૬ ટકાથી વધુની ધારણા મૂકી હતી. રો-મટિરિયલ અને કોમ્પોનન્ટ માટે ચીન પર વધુ આધાર રાખવો પડે છે.ચીનમાં અનેક ફેકટરી બંધ કરાઈ છે. મલ્ટિનેશનલ કંપનીએ તેમના યુનિટ બંધ કર્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને વૈશ્વિક હેલ્થ કટોકટી જાહેર કરી છે. જે દર્શાવે છે કે કોરોના વાઈરસે ગંભીર સ્થિતિ ઊભી કરી છે. ડબ્લ્યુએચઓ અને અમેરિકાના નિષ્ણાતો ચીનની મદદે ગયા છે. મોટાભાગના દેશો પોતાના નાગરિકને ચીનથી સ્વદેશ લઈ આવ્યા છે. એર ઈન્ડિયા સહિત વિશ્વની એરલાઈન્સે ચીનની ફ્લાઈટ બંધ કરી છે. એર ઈન્ડિયાએ ૩૦ જૂન સુધી ઉડાન બંધ રાખી છે. હુબેઈ કોમ્પોનન્ટ હબ ગણાય છે ત્યાંના પ્લાન્ટ બંધ થતાં કોમ્પોનન્ટ સપ્લાઈ બંધ રહી છે.ઓટો ઉદ્યોગ મુશ્કેલીમાં હતો જ તેમાં આ વાઈરસથી વધુ કટોકટીમાં આવ્યો છે. અગ્રણી ઓટો ઉત્પાદકોએ ચીનના પ્લાન્ટ બંધ કર્યા છે. ઓટો કોમ્પોનન્ટ માટે ચીન પર વધુ આધાર રાખવો પડે છે. બલ્ક ડ્રગ અને ઈન્ટર મિડિયેટ્સ મેળવવા માટે ચીન પર આધાર રાખવો પડે છે. એક્ટિવ ફાર્મા ઈન્ગ્રીઅન્ટની (એપીઆઈ) ૬૭ ટકા આયાત માટે ચીન પર આધાર રાખવો પડે છે. એન્ટિ બાયોટિક ડ્રગ ત્યાંથી આવે છે તે બંધ થઈ છે.ઈલેક્ટ્રોનિક અને મોબાઈલ ફોન પાર્ટ્સને અસર થઈ છે. મેટલ, ઈજનેરી ગુડ્સ, મેડિકલ ઈક્વિપમેન્ટ, પ્લાસ્ટિક, ફર્નિચર, રમકડાંથી લઈને ઘણી આઈટમની નિકાસ વાઈરસના ઝપટમાં આવી છે.હીરા, મિનરલ, કેમિકલ, ડાઈઝ અને ટેક્સટાઈલ્સના ભારતના બિઝનેસને અસર થઈ છે. ચીને આયાત પણ બંધ કરી છે. સંપૂર્ણ સપ્લાઈ ચેઈન બંને બાજુથી તૂટી ગઈ છે.૨૦૨૦ના બે ત્રિમાસિકમાં આર્થિક વૃદ્ધિમાં ભારતમાં અસર જોવાશે. ચીનથી આયાત વધારે છે અને અહીંથી નિકાસ પ્રમાણમાં ઓછી છે તેથી વેપાર ખાધ રહી છે.સાર્સ, ઈબોલા, સ્વાઈનફ્લૂ વખતે જે અસર થઈ હતી તેના કરતાં વધારે કોરોના વાઈરસના કારણે થઈ છે. આમાંથી બેઠાં થતાં ચીનને વાર લાગશે જે ભારતને પણ ઈફેક્ટ કરશે. ૯૦ ટકા મોબાઈલ ફોન પાર્ટ્સ ચીનથી આવે છે. ટોયઝ આયાત બંધ થતા ૪૦ ટકા સુધી મોંઘા થયા છે. ઈલેક્ટ્રોનિક આઈટમ પણ મોંઘી થઈ છે.કોરોના વાઈરસથી ટૂંકા ગાળામાં નુકસાન દેખાઈ રહ્યું છે, પરંતુ લાંબા ગાળે ભારતને ફાયદો થવાની સંભાવના છે. ચીન પછી વિશ્ર્વની મોટી બજાર ભારત છે.અમેરિકાની અનેક કંપનીઓ તેનો બેઝ ચીનથી ખસેડીને ભારત લાવવા વિચારી રહી છે. ચીનથી માલ ખરીદનાર હવે ભારત તરફ નજર દોડાવી રહ્યા છે. કોરોના વાઈરસનું ખરું ચિત્ર બહાર આવતું નથી. મરણનો આંકડો જે જાહેર થાય છે તેના કરતા ઘણો વધુ હોવાનું કહેવાય છે. ક્રૂડ ઓઈલની ખરીદી ચીને ઘટાડતા તેના વૈશ્ર્વિક ભાવ ઘટ્યા છે તે આપણા માટે લાભકારક છે.

### જુનિયર બચ્ચનને રીમેક ફિલ્મ માટે ઓફર મળી

## અભિમાનની રીમેક ફિલ્મમાં અભિષેક-એશ નજરે પડી શકે

સુપરસ્ટાર અભિનેતા અમિતાભ બચ્ચન અને જયા બચ્ચન અભિનિત ફિલ્મ અભિમાનની રીમેક બનાવવા માટની તૈયારી હવે કરવામાં આવી રહી છે. મળેલી માહિતી મુજબ રીમેક ફિલ્મમાં અભિષેક બચ્ચન અને તેની રીયલ લાઈફ પત્નિ અને વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી એશનો લેવાની હિલચાલ ચાલી રહી છે. એક ફેસબુક ચૈટ પર અભિષેકે હાલમાં આ પ્રકારની કોઈ હિલચાલ ચાલી રહી હોવાના હેવાલને રદિયો આપ્યો છે પરંતુ જાણકાર લોકોનુ કહેવુ છે કે અભિષેકને ઓફર કરવામાં આવી છે. અભિષેકે કહ્યુ છે કે તે એશ સાથે કોઈ ફિલ્મ કરી રહ્યો નથી. તેનુ કહેવુ છે કે વિતલા વર્ષોની ફિલ્મમાં એક મેજિક છે. જેને એમ જ રહેવા દેવામાં આવે તે જરૂરી છે. સાથે કામ કરવાની બાબત અને આ પ્રકારની મુવી બનાવવાની બાબત ખુબ મુશ્કેલ છે. અભિષેક બચ્ચનની પાસે વધારે કોઈ ફિલ્મ આવી રહી નથી. ત ફલોપ સ્ટારની યાદીમાં પણ આવી ગયો છે. જો કે તેની પાસે નાની નાની ભૂમિકાવાળી ફિલ્મો આવી રહી છે. મુખ્ય સ્ટાર તરીકે તોને લેવા માટે કોઈ નિર્માતા નિર્દેશક હિંમત કરી રહ્યા નથી. અભિષેક બચ્ચનને કોઈ મોટી ફિલ્મો હજુ મળી રહી નથી. જ્યારે અમિતાભ બચ્ચનને હજુ પણ શ્રેણીબદ્ધ સારી અને મોટી ફિલ્મો મળી રહી છે. બીજી બાજુ અભિષેક કરતા અમિતાભની સાથે સાથે એશને પણ ફિલ્મો મળી રહી છે. તે છેલ્લે અનિલ કપુરની સાથે નજરે પડી હતી.

ફન્નેખા નામની ફિલ્મ બોકસ ઓફિસ પર કમાલ કરી શકી ન હતી. બીજી બાજુ અભિષેક અને એશ બંને પોતાની કેરિયરને લઈને હજુ આશાવાદી છે. તેમને મોટી સફળ ફિલ્મની જરૂર દેખાઈ રહી છે. એશ બોલિવુડમાં લગ્ન બાદ બીજી ઈનિગ્સ ખુબ પહેલા શરૂ કરી ચુકી છે પરંતુ તોને સફળતા મળી રહી નથી. એશને પણ મોટી અને સ્ટાર અભિનેતા સાથે કોઈ ફિલ્મની જરૂર દેખાઈ રહી છે.




**શ્રી ગોરના કુવાવાળી માં ચેહર**

શ્રી ચેહર માતાજીનું મંદિર, ગોરનો કુવો, મણિનગર, અમદાવાદ

માતાજીના ઉપાસક :

માઇ ભક્ત શ્રી રમેશભાઇ ભટ્ટ

દર રવિવારે માઇ ભક્તો મોટી ઉમટી પડે છે.








**શતાક્ષી ફાસ્ટ ફુડ કોર્નર**

ઇડલી, મસાલા ઢોસા, ઉત્તપા, વડા પાઉં, પફ, ભાજીપાઉં, પુલાવ, સ્પે. ચાઇનીઝ ઇડલી, તથા ચાઇનીઝની દરેક વસ્તુ તેમજ સ્પે. પંજાબી છોલે ભટુરે મળશે

શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે

૧૮, શ્રીધર એપાર્ટમેન્ટ, હરિપુરા, શાક માર્કેટ પાસે, મણિનગર (પૂર્વ) અમદાવાદ

977-344-9194 / 875-820-6371

Channel Head:- Manoj Prajapati

KM NEWS ચેનલમાં આપના વિસ્તારની સ્થાનિક સમાસ્યા દર્શાવવા માટે KM NEWS ચેનલનો સંપર્ક કરવો.

શૈક્ષણિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સમાચાર દર્શાવવા માટે KM NEWS ચેનલનો સંપર્ક કરવો.

અમદાવાદ તેમજ ગુજરાત નાં જિલ્લા માં રીપોર્ટર નીમવાનાં છે.

અમદાવાદ, ગુજરાત તથા દેશ દુનિયા ની પળ-પળ ની ખબર તમે અમારી ચેનલ માં નિહાળી શકાશે.

KM NEWS Channel
KARNAVATIMETRONEWS.COM

OFF. ADD:- 56/ કાપડીયા એસ્ટેટ રતનપોળ, ગોલવાડ, અમદાવાદ ગુજરાત ૩૮૦૦૦૧.

# ટ્રમ્પનો ભારત પ્રવાસઃ કોંગ્રેસે કહ્યું – ખજાનો કેમ લૂંટાવ્યો? તો બીજેપીએ આપ્યો સણસણતો જવાબ

નવીદિલ્હી

અમેરિકી રાષ્ટ્રપતિનાં ભારત આવ્યા પહેલા રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પનાં સ્વાગતમાં અમદાવાદમાં એક સમિતિ દ્વારા ૧૦૦ કરોડ રૂપિયાનાં ખર્ચ પર પ્રશ્ન ઉઠાવ્યો છે તો બીજેપીએ વળતો પ્રહાર કરતા પુછ્યું કે ભારતનું કદ વધી રહ્યું છે તો કૉંગ્રેસ ખુશ કેમ નથી? બીજેપીએ કહ્યું કે આજે જે પ્રકારનાં કરાર ભારત અમેરિકા સાથે કરી રહ્યું છે તેવું યૂપીએ સરકાર વિચારી પણ ના શકે. બીજી તરફ કૉંગ્રેસ નેતા શશિ થરૂરે ઝુંપડપટ્ટીઓ સામે દીવાલ બનાવવાને લઈને પણ કટાક્ષ કર્યો છે.કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ટ્વિટ કર્યું કે, 'રાષ્ટ્રપતિ ટ્રમ્પનાં આગમન પર ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચ થઈ રહ્યા છે, પરંતુ આ પૈસા એક સમિતિ દ્વારા ખર્ચ થઈ રહ્યા છે. સમિતિનાં સભ્યોને ખબર જ નથી કે તે તેમના સભ્યો છે. શું દેશને આ જાણવાનો હક નથી કે કયા મંત્રાલયે સમિતિને કેટલા પૈસા આપ્યા? સમિતિનાં પડછાયામાં સરકાર શું છુપાવી રહી છે?' અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત યાત્રાને લઈને કૉંગ્રેસનાં પ્રશ્નો પર વળતો પ્રહાર કરતા બીજેપીએ પુછ્યું કે, ટ્રમ્પનો પ્રવાસ વિશ્વનાં સૌથી મોટા અને જૂના લોકતંત્રોની મુલાકાત છે, આવામાં કૉંગ્રેસ ખુશી કેમ વ્યક્ત નથી કરતી?બીજેપી પ્રવક્તા સંબિત પાત્રાએ મીડિયાને કહ્યું કે, વૈશ્વિક સ્તર પર ભારતનું કદ વધવાથી કૉંગ્રેસ નાખુશ કેમ છે?

ભારત અને અમેરિકાનાં સંબંધોમાં આ મીલનો પથ્થર મનાતુ લક્ષણ છે અને મારી કૉંગ્રેસને સલાહ છે કે તે ચિંતિત હોવાની જગ્યાએ દેશની ઉપલબ્ધિઓ પર ગર્વ કરવાનું શરૂ કરે. તેમણે કહ્યું કે, જેવો વેપાર કરાર અને રક્ષા કરાર આજે આપણે અમેરિકાની સાથે જોઈ રહ્યા છીએ, તેને યૂપીએનાં સમયમાં આપણે વિચારી પણ નહોતા શકતા, પરંતુ કૉંગ્રેસ પાર્ટી આજે આત્મનિરીક્ષણ કરવાની જગ્યાએ પ્રશ્નો કરી રહી છે.પાત્રાએ કહ્યું કે, આજે હિંદુસ્તાન વ્હાઈટ હાઉસનાં કોઈપણ નિર્ણયમાં ભારત ફ્રંટ અથવા સેન્ટરમાં રહ્યું છે. આ આપણા માટે ગર્વનો વિષય છે.પાત્રાએ કૉંગ્રેસને પ્રશ્ન કર્યો કે, શું મનમોહન સિંહ એ રૂતબો જાળવી રાખી શક્યા હોત જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આંતરરાષ્ટ્રિય નેતાઓ વચ્ચે છે? કોઈપણ રાષ્ટ્ર માટે એવો સમય આવે છે જ્યારે આપણે રાજનીતિ દળની નાની ઓળખને બાજુમાં રાખીએ છીએ અને એક રાષ્ટ્રનાં રૂપમાં વિચારીએ છીએ. બીજેપી નેતાએ કહ્યું કે, ટ્રમ્પ ખુદ કહી ચુક્યા છે કે ભારત કડક કરારો કરે છે અને આ માટે કૉંગ્રેસ પાર્ટીએ ભારતનાં હિતોની ચિંતા કરવાની જરૂર નથી.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ આધિકારિક યાત્રા સોમવારે શરૂ થવા જઈ રહી છે. તેમના આ પ્રવાસ દરમિયાન મુખ્ય આકર્ષણ અમદાવાદનું નવ નિર્મિત મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં આયોજીત થનાર 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ છે. જોકે આ વચ્ચે ટ્રમ્પની યાત્રાને લઈ કરવામાં આવેલ તૈયારીઓના ખર્ચ પર ગણા સવાલો ઉભા થઈ રહ્યા છે. સવાલ એ છે કે, અમદાવાદમાં ટ્રમ્પના ત્રણ કલાકના કાર્યક્રમમાં ૧૩૦ કરોડ રૂપિયા ખર્ચ થઈ રહ્યા છે. આ ખર્ચને કોણ ઉપાડી રહ્યું છે. શું આ ખર્ચ સરકારના ભાગમાં આવશે અથવા કોઈ બીજૂ આ ખર્ચ ઉપાડી રહ્યું છે.ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે ગુરૂવારે એક પ્રસ કોન્ફરન્સ કરી. તેમણે જણાવ્યું કે, આ હાઈ પ્રાફાઈલ પબ્લિક ઈવેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ નાગરિક અભિવાદન સમિતિ તરફથી કરવામા આવી રહ્યો છે. આ ખાનગી સંસ્થા વિશે લોકોને ખુબ ઓછી જાણકારી છે. આ મહત્વના ખુલાસા સાથે જ લોકો દંગ રહી ગયા છે. ખરેખર આ સમિતિ વિશે ધ્યાન આપવાવાળી ગણી વાતો છે. પ્રથમ તો એ છે કે, ટ્રમ્પ ભારતની પ્રથમ આધિકારિક યાત્રા પર છે. બીજૂ એ કે અમદાવાદમાં ઓથોરિટી ત્રણ કલાકની યાત્રા પર લગભગ ૧૩૦ કરોડ રૂપિયા ખર્ચ કરી રહી છે.'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ હવે જ્યારે નાગરિક સમિતિ યોજી રહી છે ત્યારે તે આટલા ગંજાવર ખર્ચનું ભંડોળ ક્યાંથી લાવશે તે સવાલ તો ઊભો જ છે. આ અંગે સૂત્રો તો એ પણ કહી રહ્યા છે કે, જે પ્રકારે રાજય સરકારે ૨૬મી જાન્યુઆરીના રાજયકક્ષાના કાર્યક્રમનો ખર્ચો સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિ, વેપારીઓ પાસેથી ડોનેશન પેટે ઉઘરાવેલી રકમમાંથી પાડેલો તે જ મોડસ ઓપરેન્ડી 'નમસ્તે ટ્રમ્પ'માં અપનાવાશે. રાજયના મોટા ઉદ્યોગગૃહો, વેપારી સંગઠનો, અમદાવાદના વેપારીઓ પાસેથી આ રકમ ઉઘરાવાશે અને તેમાંથી ખર્ચના હિસાબો પાડવામાં આવે તેમ પણ માનવામાં આવે છે.

જ્યુડિશિયલ કોન્ફરન્સમાં મોદીએ સંબોધન કર્યુ

# અયોધ્યા અને આર્ટિકલ ૩૭૦ જેવા નિર્ણયોનુ સ્વાગત થયુ છે

## બંધારણ અને ન્યાયપાલિકા પર લોકોનો વિશ્વાસ અકબંધ

નવી દિલ્હી,તા. ૨૨

બંધારણ અને ન્યાયપાલિકા પર દેશવાસીઓનો વિશ્વાસ અકબંધ રહ્યો છે તેમ જણાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે આ બાબત ખુબ સારી છે. આના માટે તેઓ લોકોની પ્રશંસા કરે છે. તેમણે કોઈ ખાસ કેસનો ઉલ્લેખ કર્યા વગર કહ્યુ હતુ કે થોડાક દિવસ પહેલા ન્યાયપાલિકા દ્વારા કેટલાક મોટા નિર્ણય કરવામાં આવ્યા હતા. આ તમામ નિર્ણયો પર દેશ અને દુનિયાની નજર કેન્દ્રિત હતી. જો કે તમામ ભારતીય લોકોએ કોર્ટના નિર્ણયનુ સ્વાગત કર્યુ હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઈન્ટરનેશનલ જ્યુડિશિયલ કોન્ફરન્સમાં આ મુજબની વાત કરી હતી. કાર્યક્રમમાં મોદીએ કહ્યુ હતુ કે તમામ જટિલ મુદ્દા પર જે નિર્ણય કોર્ટ દ્વારા લેવામાં આવ્યા હતા તે તમામ નિર્ણયનુ ૧૩૦ કરોડ ભારતીય લોકોએ સ્વાગત કર્યુ હતુ. હજારો વર્ષોથી ભારત આ મુલ્યોને લઈને આગળ વધે છે. કાર્યક્રમમાં મોદીએ મહાત્મા ગાંધી સાથે જોડાયેલા એક મુદ્દાનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે જ્યારે ગાંધીજીને વકાલાત માટે પ્રથમ કેસ મળ્યો ત્યારે તેમની પાસેથી કેસના બદલે કમીશનની માંગ કરવામાં આવી રહી હતી. જો કે ગાંધીજીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે કેસ મળે કે ન મળે પરંતુ તેઓ કમીશન તો આપશે નહીં. કાર્યક્રમમાં મોદીએ વિગત આપતા કહ્યુ હતુ કે તેમની સરકાર આશરે ૧૫૦૦ કાનુનને ખતમ કરી ચુકી છે. જેમની જરૂરિયાત હવે રહી ન હતી. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે સમાજમાં પરિવર્તન લાવવા માટે નવા કાનુન બનાવવામાં આવી રહ્યા છથે. મોદીએ આ સંબંધમાં ત્રિપલ તલાક કાનુનનો ઉલ્લેખ કર્યો હતો. અયોધ્યા અને આર્ટિકલ ૩૭૦નો મોદીએ પરોક્ષ રીતે ઉલ્લેખ કર્યો હતો. દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ મોદી દિલ્હીમાં પ્રથમ મોટા કાર્યક્રમમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. જ્યુડિશિયલ કોન્ફરન્સમાં મોદીએ જુદા જુદા વિષય પર મક્કમતાપૂર્વક રજૂઆત કરી હતી.

# માતા વૈષ્ણોદેવીમાં પ્રસાદ સેવાની વિધિવત શરૂઆત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ૨૨

માતા વૈષ્ણોદેવી મંદિરને લઈને શ્રદ્ધાળુઓના મનમાં હંમેશા અલગ જ આસ્થા રહે છે. મંદિર સુધીની યાત્રાને દેશના સૌથી પવિત્ર અને મુશ્કેલ તીર્થ યાત્રા પૈકી એક તરીકે ગણવામાં આવે છે. શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં લઈને માતા વૈષ્ણોદેવી શ્રાયન બોર્ડે ભવન તરફ જવાના પરંપરાગત રસ્તામાં નવી સુવિધા શરૂ કરી છે. ફ્રીમાં પ્રસાદ સેવા શરૂ કરવામાં આવી છે. આ પ્રસાદ સેવા હેઠળ શ્રદ્ધાળુઓને પ્રસાદ તરીકે હલવા, ચણા, ચા આપવામાં આવશે. જમ્મુ કાશ્મીરના આવાસી જિલ્લામાં સ્થિત આ તીર્થમાં સેવાની શુભ કામગીરી બોર્ડના સીઈઓ રમેશકુમાર દ્વારા કરવામાં આવી હતી. તીર્થ યાત્રીઓ માટે આ સેવા સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહેશે. તેમણે કહ્યું હતું કે, તીર્થયાત્રીઓને પ્રસાદ સેવા ભવનમાં હલવાની સાથે સાથે ચણા અને ચા આપવામાં આવશે. તીર્થ યાત્રીઓ માટે વેઈટિંગ રુમ પણ બનાવવામાં આવ્યા છે. વરસાદની સિઝનમાં કોઈ તકલીફ ન પડે તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. શ્રાયન બોર્ડ દ્વારા કેટલીક નવી સુવિધાઓ પણ શરૂ કરવામાં આવી રહી છે. ત્રિકુટા પહાડીઓ પર સ્થિત વૈષ્ણોદેવી મંદિરની જુની અને કુદરતી ગુફા શ્રદ્ધાળુઓના દર્શન માટે ગયા મહિને ખોલી દેવામાં આવી હતી. આ જુની ગુફા માત્ર જાન્યુઆરી અને ફેબ્રુઆરીના ગાળા દરમિયાન ખોલવામાં આવે છે જ્યારે ભીડ ખુબ ઓછી હોય છે. બાકીના મહિનામાં તીર્થયાત્રીઓને ગર્ભ ગૃહ જવા માટે નવી ગુફામાંથી થઈને જવું પડે છે. દર વર્ષે મકરસંક્રાતિ બાદ શ્રદ્ધાળુ માટે કુદરતી ગુફા ખોલી દેવામાં આવે છે. માતા વૈષ્ણોદેવીમાં પ્રસાદ સેવા શરૂ કરવામાં આવ્યા બાદ શ્રદ્ધાળુઓને આંશિક રાહત મળશે. સાથે સાથે આરામ પણ મળશે.

# પાંચ દિવસમાં સોનાના ભાવમાં ૧૫૦૦ રૂપિયાનો વધારો

નવીદિલ્હી

ઘરેલૂ બજારમાં સોનાની કિંમતોમાં વધારો ચાલુ રહ્યો છે. શુક્રવારે એમસીએકસ પર ગોલ્ડ ફ્યૂચરમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૪૨,૫૦૯ રૂપિયા સાથે સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો હતો. આ અઠવાડિયામાં સોનાના ૧૦ ગ્રામના ભાવમાં ૧૫૦૦ રૂપિયાનો વધારો થયો છે. જયારે એમસીએકસ પર જ સિલ્વર ફ્યૂચરમાં આજે પણ એક ટકા જેટલો વધારો થયો હતો. જે બાદમાં એક કિલોગ્રામ ચાંદીનો ભાવ વધીને ૪૮,૪૧૦ રૂપિયા થઈ છે.

નોંધનીય છે કે શુક્રવારે રજાને કારણે ટ્રેડિંગ બંધ રહ્યું હતું. જોકે, સાંજના સમયે ટ્રેડિંગ માટે એમસીએક્સ ખુલ્યું હતું.નિષ્ણાતોનું માનવું છે કે કોરોનાવાયરસની અસર હવે દેખાવા લાગી છે. દુનિયાની મોટી રિસર્ચ પેઢીઓએ ગ્લોબલ ગ્રોથમાં આ વર્ષે એક ટકાનો ઘટાડો થવાનું અનુમાન લગાવ્યું છે. આથી રોકાણકારો ફરીથી સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે. જોકે, આગામી એક મહિના સુધી સોનાની કિંમતમાં મોટો ઘટાડો થાય તેવી કોઈ સંભાવના નથી રહેલી.વૈશ્વિક બજારોની વાત કરીએ તો કોરાનાવાયરસના કહેર પછી રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોનામાં રોકાણ કરી રહ્યા છે. આજ કારણે વૈશ્વિક બજારમાં સોનાનો ભાવ સાત વર્ષની સર્વોચ્ચ સપાટી પર પહોંચી ગયો છે. શુક્રવારે ચીનમાં કોરાનાવાયરસના અમુક નવા કેસ સામે આવ્યા છે, પરંતુ જાન્યુઆરી પછી ચેપ લગાવાના કેસમાં ઘટાડો નોંધાયો છે.દક્ષિણ કોરિયામાં પણ કોરોનાવાયરસના અમુક કેસ સામે આવ્યા છે. જે બાદમાં દેશમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૧૫૬ થઈ છે. આ અઠવાડિયામાં સ્પોટ ગોલ્ડની કિંમત ૨.૫ ટકા વધીને ૧૬૨૫.૦૫ પ્રતિ આઉન્સ રહી હતી. આજે વૈશ્વિક બજારમાં સોનાની કિંમતમાં ૦.૪૦ ટકાનો વધારો થયો હતો.ગોલ્ડ ઈન્વેસ્ટમેન્ટ ડિમાન્ડમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. દુનિયાના સૌથી મોટા ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એટલે કે એસપીડીઆર ગોલ્ડ ટ્રસ્ટમાં પણ વધારો થયો છે. ગુરુવારે તે ૦.૨૫ ટકા વધીને ૯૩૩.૯૪ ટન થઈ ગયો હતો, જે છેલ્લા ત્રણ વર્ષની સર્વોચ્ચ સપાટી છે. અન્ય ધાતુઓની કિંમતની વાત કરવામાં આવે તો ચાંદીમાં ૦.૫ ટકા અને પ્લેટિનિયમમાં ૦.૨ ટકાનો વધારો થયો છે.આ દરમિયાન ચીને અર્થવ્યવસ્થા પર કોરોનાવાયરસનો પ્રભાવ ઓછો કરવા માટે અનેક પગલાં લીધા છે. ચીનની મધ્યસ્થ બેંકે આ અઠવાડિયે વ્યાજદરોમાં ઘટાડો જાહેર કર્યો છે. સાથે જ કહ્યું કે જે પેઢી કે કંપની આ મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહી છે તેમને ઓછા દરે ધીરાણ મળશે. આ દરમિયાન રોકાણકારો માટે રોકાણ માટે સોનું પસંદગીનો વિકલ્પ બની રહ્યું છે. આ જ કારણ છે કે આ અઠવાડિયે વૈશ્વિક બજારમાં સોનાની કિંમતમાં સાત ટકાનો વધારો થયો છે.

# ભારતનો આરોપ- અમારા નાગરિકોને પરત લેવા ગયેલા વિમાનને ચીની અધિકારીઓ ક્લીયરન્સ નથી આપી રહ્યા

(યુએનએસ)

નવીદિલ્હી

કોરોના વાયરસને કારણે અત્યાર સુધી ૨૩૪૫ લોકોના મોત થઈ ગયા છે. વુહાનથી ભારતીયને પરત લાવવા માટે સરકારે ૨૦ ફેબ્રુઆરીએ એક સૈન્ય વિમાનને મોકલવાનો નિર્ણય લીધો હતો. પરંતુ વાયુસેનાના આ વિમાનને ચીનના અધિકારીઓ તરફથી ક્લીયરન્સ મળ્યું નથી.ભારતીય અધિકારીઓએ જણાવ્યું છે કે, દુનિયાના અનેક દેશો પોતાના નાગરિકોને પરત લાવવા માટે વિમાન મોકલી રહ્યા છે. ચીન તમામને મંજૂરી આપી રહ્યું છે પરંતુ ભારતીય રિલીફ ફલાઈટ્સને મંજૂરી આપવામાં આવી રહી નથી.

ચીનના દૂતાવાસે આ અંગે જણાવ્યું છે કે, હુબેઈમાં સ્થિતિ જટિલ છે અને બિમારી પર રોક લગાવવા માટે યુદ્ધ ધોરણે કામ ચાલી રહ્યું છે. જાણી જોઈને ફલાઈટ ક્લીયરન્સ આપવામાં આવી રહી નથી એવી કોઈ વાત નથી.ભારતીય અધિકારીઓએ જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને પત્ર લખીને આવી સ્થિતિમાં ચીનની સરકાર અને લોકોની સાથે રહેવા અને પ્રત્યેક સંભવ મદદ કરવાની વાત કરી છે. ચીનના વલણથી લાગે છે કે તેઓ ભારતની મદદ લેવા માગતા નથી.

ત્યાં ચીનના અધિકારીઓએ જણાવ્યું છે કે, અમારા માટે ભારતીયોના સ્વાસ્થ્ય અને સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે. બંને દેશો આ અંગે વાત કરી રહ્યા છે. અમે ભારતીય નાગરિકોને પરત કરવા મુદ્દે યોગ્ય સહાયતા કરી છે.

# દાદા સાહેબ ફાલ્કે એવોર્ડ ૨૦૨૦ : રિતિક રોશને મારી બાજી

(યુએનએસ)

મુંબઈ

મુંબઈમાં પ્રતિષ્ઠિત દાદા સાહેબ ફાલ્કે પુરસ્કાર ૨૦૨૦ જાહેરાત થઈ ચૂકી છે. ૨૦ ફેબ્રુઆરીએ થયેલા ગ્રાન્ડ એવોર્ડ ઈવેન્ટ પર બોલિવૂડ અને ટીવી જગતના જાણીતા સિતારા અહીં ગ્લેમરસ અંદાજમાં પહોંચ્યા. સેલેબ્રિટીથી સજાયેલી આ સાંજમાં ટીવી અને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં શાનદાર યોગદાન આપવા માટે અહીં સેલેબ્રિટીની સન્માનિત કરવામાં આવ્યા. આ એવોર્ડ ફંકશનમાં શ્રેષ્ઠ એકટર માટે જાણીતા અભિનેતા રિતિક રોશન માટે સન્માનિત કરવામાં આવ્યા. વધુમાં ટીવીની જાણીતી અભિનેત્રી દિવ્યાંકા ત્રિપાઠીને સન્માનિત કરવામાં આવી.મુંબઈમાં આયોજીત આ કાર્યક્રમમાં રિતિક રોશનને તેમની ફિલ્મ સુપર ૩૦ માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. સાથે જ સુપર ૩૦ને પણ બેસ્ટ ફિલ્મનો પુરસ્કાર મળ્યો હતો. આ ફિલ્મમાં રિતિક રોશન તેવા ગરીબ બાળકોને આઈઆઈટીની કોચિંગ આપે છે જેને ઉચ્ચ શિક્ષણની જરૂર છે પણ સુવિધાના અભાવે તે આ વસ્તુ મેળવી નથી શકતા. આ ફિલ્મ રિયલ લાઈફ ટીચર આનંદ કુમારથી પ્રેરિત છે. ફિલ્મ માટે રિતિકે તેનું વજન પણ ઓછું કર્યુ હતું. અને પોતાના લૂકને પણ સંપૂર્ણ પણે બદલી દીધું હતું. આ ફિલ્મને બોક્સ ઓફિસ પર પણ સારો રિસ્પોન્સ મળ્યો હતો.

આ ફિલ્મમાં કોચિંગ કલાસના કોમર્શિયલાઈજેશન પર સીધો પ્રહાર કરવામાં આવ્યો હતો.આ એવોર્ડમાં મોટી સંખ્યામાં ટીવી કલાકારોએ હાજરી આપી હતી. વેબ સીરીઝ માટે 'કોલ્ડ લસ્સી ઔર ચિકન મસાલા' અને યે હે મહોબ્બતે જેવી સીરિયલમાં કામ કરી ચૂકેલી દિવ્યાંકા ત્રિપાઠીને આ એવોર્ડ સમારંભમાં બેસ્ટ એક્ટ્રેસ ઈન ટેલિવિઝન માટે સન્માનિત કરી હતી. દિવ્યાંકા સિવાય ધીરજ કપૂરને પણ બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ત્યારે દાદા સાહેબ ફાલ્કે એવોર્ડ ૨૦૨૦ની આખી યાદી

બેસ્ટ એક્ટર- રિતિક રોશન

બેસ્ટ ફિલ્મ - સુપર ૩૦મોસ્ટ પ્રોમિસિંગ એક્ટર - કિચ્ચા સુદીપ

બેસ્ટ એક્ટર ઈન ટીવી- ધીરજ કપૂર

બેસ્ટ એક્ટ્રેસ ઈન ટીવી- દિવ્યાંકા ત્રિપાઠી

મોસ્ટ ફેવરેટ ટેલિવિઝન એક્ટર - હરષદ ચોપડા

મોસ્ટ ફેવરેટ જોડી ઈન ટીવી - સુષ્ટિ જા અને શબ્બીર અહલૂવાલિયા (કુમકુમ ભાગ્ય)

બેસ્ટ રિયાલિટી શો- બિગ બૉસ ૧૩

બેસ્ટ ટેલિવિઝન સીરીજ- કુમકુમ ભાગ્ય

બેસ્ટ પ્લેબેક સિંગર મેલ - અરમાન મલિક

# રામમંદિરમાં કોઈ પણ અન્ય ટ્રસ્ટ કે સંસ્થા મંદિરના દાનમાં આપેલું ધન નહીં લઈ શકે

(યુએનએસ)

નવીદિલ્હી

રામમંદિરના નામે મંદિર નિર્માણથી લઈને તમામ પ્રવૃત્તિઓમાં કોઈ પણ અન્ય ટ્રસ્ટ કે સંસ્થા મંદિરના દાનમાં આપેલું ધન નહીં લઈ શકે.

રામજન્મભૂમિ તીર્થ બોર્ડની બેઠક બાદ ગૃહ મંત્રાલય દ્વારા આ દરેકને સુચન આપવામાં આવ્યું છે. ૧૯૮૯માં સ્વામી શિવરામાચાર્ય સ્વર્ગવાસ પામ્યા હતા. અને ત્યાર બાદ મહંત પરમહંસ રામચંદ્ર નવા અધ્યક્ષ બન્યા હતા.

ટ્રસ્ટ દ્વારા અદાજીત ૨૦ કરોડ રૂપિયા ભેગા કરવામાં આવ્યા અને વર્તમાનમાં આજ ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્યગોપાલ દાસ સંભાળી રહ્યા છે. બાબરી ધ્વંસ બાદ ત્યારના તત્કાલીન પ્રધાનમંત્રી નરસિંહરાવ દ્વારા અયોધ્યા શ્રીરામ જન્મભૂમિ ન્યાસનું ગઠન કરવામાં આવ્યું.

હાલમાં ત્રીજું ટ્રસ્ટ છે. અને અત્યાર સુધી બધા ટ્રસ્ટને કરોડો રૂપિયા દાનમાં મળ્યા છે.મહત્વનું છે કે નવું ટ્રસ્ટ બન્યા બાદ દેશના સાત હજાર ગામોમાંથી એક હજાર કિલો સોનું સંગ્રહ કરીને ૭ ફેબ્રુઆરીથી ભવ્ય મંદિર બનાવાની શરૂઆત કરવામાં આવશે.

જોકે આ અભિયાનની સામે ત્યાના ડીએમ અનુજ કુમારે તેની વુરિદ્ધમાં રહ્યા છે. અને તેમણે સરકારને રિપોર્ટ મોકલ્યો છે.

# અમદાવાદ : રસ્તા પર જ પાર્ક થયેલી વડોદરા પોલીસની ગાડી ટો કરી લેવાઈ

(યુએનએસ) અમદાવાદ

અમદાવાદમાં વ્યવસ્થિત પાર્ક ન થયેલા સામાન્ય માણસોનાં વાહનો તો ટો થતાં જ હોય છે અને તેમની પાસેથી દંડ વસૂલવામાં આવે જ છે. ત્યારે આજે શહેરમાંથી વડોદરા રૂરલ પોલીસની રસ્તામાં ઉભી કારાયેલી કારને પણ અદાવાદ ટ્રાફિક પોલીસે ટો કરી દીધી છે. ત્યારે ઘણું જ કુતુહલભરેલો માહોલ સર્જાયો હતો.શહેરમાં હાલ અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પરિવારનું સ્વાગતની તડામાર તૈયારીઓ ચાલુ છે. ત્યારે આ કામ અંગે કે અન્ય કોઈપણ કામ માટે આવતા અધિકારીઓનાં ડ્રાઈવર જેમતેમ કાર પાર્ક કરી દેતા હોય છે.

ત્યારે આજે વડોદરા પોલીસની કાર વ્યવસ્થિત રીતે પાર્ક કરવામાં ન આવતા તેને પણ શહેરનાં ટ્રાફિક પોલીસે ટો કરી દીધી હતી.મળતી માહિતી પ્રમાણે, સરકારી ગાડીઓનાં ડ્રાઈવરો અને ટ્રાફિક પોલીસ વચ્ચે અવારનવાર ઘર્ષણ થાય છે. ત્યારે આ અવ્યવસ્થિત પાર્ક કરેલા વાહનોને ટો કરવાની કામગીરી અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.ટો કરીને વડોદરા પોલીસની ગાડીને પાસેનાં પાર્કિંગ પ્લોટમાં લઈ જવામાં આવી હતી.આ ઘટનાને કારણે આસપાસનાં લોકો પણ ભેગા થયા હતાં.

# સાબરકાંઠા : હિજરત કરી ગયેલા દલિતો કેમ્પમાં રહેવા મજબૂર, ગામમાં પરત જવાનો ઈન્કાર

સાબરકાંઠા

૨૧મી સદીમાં પહોંચી ગયા પછી પણ ૧૮મી સદીના નાત-જાતના ભેદભાવ દૂર નથી થયા. સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ૫ દિવસથી હિજરત કરી ગયેલા અનુસુચિત જાતિનાં પરિવારોએ હાલમાં પ્રાંતિજ ખાતે કેમ્પ નાંખ્યો છે. હિજરત કરેલા પરિવારો હાલમાં એક કેમ્પમાં સાથે મળીને નિરાશ્રિત જીવી રહ્યાં છે. તો બીજી તરફ ઝાલાની મુવાડી ગામમાં દલિત પરિવાર ગામ છોડી જતા રહ્યા બાદ અધિકારી દ્વારા ત્રણ પરિવારોને પૂરતું પોલીસ પ્રોટેક્શનનું આશ્વાસન સહિત ગામનાં અગ્રણીઓ સાથે સમજાવટના પ્રયાસ હાથ ધરાયા છે.

પોલીસે આ અંગેની ફરિયાદ નોંધીને ૨૨ પુરૂષ અને ૬ મહિલાઓની અટકાયત કરી છે.કેમ્પમાં નિરાશ્રીતે જેવું જીવન ગાળતા આ લોકો પ્રાંતિજ તાલુકાનાં ઝાલાની મુવાડી ગામનાં અનુસુચિતજાતિનાં પરિવારો છે. ઝાલાની મુવાડી ગામે ડી.જે વગાડવાનાં મુદ્દે તેમનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. જે બાદ ભય પામેલા આ પરિવારોએ હિજરત કરી ગયા. હાલમાં તેઓને પ્રાંતિજનાં કેટલાક દલિત પરિવારોએ મદદ કરી અને એક ટેન્ટ બનાવી આપ્યો છે. ગઈકાલનાં તેઓ નિરાશ્રિત હાલતમાં વતન છોડી આ ટેન્ટમાં વસી રહ્યા છે.હિજરત કર્યા બાદ પોલીસની હાજરી હોવા છતાં આ લોકોનાં ઘરની પાછળનાં ભાગે લાકડામાં આગ લગાવાઈ હતી. ત્યારે હવે વારંવારની આ ઘટનાઓથી તમામ અનુસુચિત જાતિનાં લોકો ડરી ગયા છે. હવે પોતે એ ગામમાં જવા જ માંગતા નથી તો સરકારને તેઓ વિનવી રહ્યાં છે કે, તેઓ સ્વમાનથી જીવી શકે એવી અન્ય જગ્યા તેમને ફાળવવામાં આવે.આ અંગે નટવરલાલ ગૌતમે અવાજ ઉઠાવતા જણાવ્યું કે, અમારા લોકો ઝાલાની મુવાડી ગામમાંથી હિજરત કરીને આવ્યાં છે. અમે સુરક્ષિત નથી.

પોલીસની હાજરીમાં અમારી પર આવા બનાવો થાય. તો આ હિજરત કરેલા પરિવારનું દુઃખ છે કે, જો અમે પાછા જઈએ તો ફરીથી આવું જ થવાનું છે. તો સરકારને અમારી વિનંતી છે કે, તેઓ અમારા માટે કંઇ કરે, અમારા બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે. અમને સમાજનાં લોકો મદદ કરી રહ્યાં છે પરંતુ જો સરકાર અમને મદદ નહીં કરે તો અમારું શું થશે? અમારા અસ્તિત્વનો સવાલ છે. અમારી આઝાદીનાં ૭૦ વર્ષ પછી આવી હાલત હશે તો તે સરકાર માટે લાંછનની વાત છે. શેડ્યુલકાસ્ટનાં લોકો વરઘોડો પણ ન કાઢી શકે? અને આટલા વર્ષો પછી પણ જાતિવાચક શબ્દો બોલીને પરેશાન કરવામાં આવે છે.જીજ્ઞા રાઠોડ, હિજરત કરનાર મહિલાએ પોતાની વ્યથા જણાવતા કહ્યું કે, અમે ભલે નીચી જાતનાં હોઈશું

પરંતુ અમારા વિચાર તેમના કરતા ઉપર છે. એમનાથી અમારા પરિવારને ઘણી જ મુશ્કેલી પડી રહી છે. અમારા લગ્નને હજી બે જ મહિના થયા છે ત્યારે આવી રીતે રહેવાનો વારો આવ્યો છે. સરકાર એવું કંઈ કરે કે અમને પણ ગૌરવ થાય કે અમે પણ ગુજરાતી છીએ.હિજરત કરેલા પરિવારોએ જણાવ્યું કે, અમને દિવસ ચાલુ થાય અને પરેશાનીઓ થાય છે. અમારે નાહવાનું ક્યાં, કપડા ક્યાં ધોવાનાં?

# ઈન્ડિયા ફર્સ્ટનો ભાવ જગાવવાનું મુખ્યમંત્રીનું આહ્વાન

અમદાવાદ

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના બીજા પદવીદાન સમારોહમાં હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ યુવા છાત્ર શક્તિને તેમણે મેળવેલી શિક્ષા-દિક્ષાના આધારે આત્મવિશ્વાસથી આગળ વધી રાષ્ટ્ર સ્વાભિમાન- ઇન્ડિયા ફર્સ્ટનો ભાવ જગાવવા માટે પ્રેરક આહ્વાન કર્યુ છે.આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આવનાર પડકારોને પહોંચી વળવાની સજ્જતા કેળવી વિશ્વ સાથે બરોબરી કરતી યુવા વ્યક્તિના ભરોસે જ પ્રધાનમંત્રીએ નયા ભારતના નિર્માણનો સંકલ્પ સંજોયો છે તે રાષ્ટ્રના સ્વાભિમાનથી પાર પાડવો છે. મુખ્યમંત્રીએ પદવી પ્રાપ્ત વિદ્યાર્થીઓને કહ્યું કે, રાષ્ટ્ર નિર્માણથી ભારત માતાને વિશ્વ ગુરૂ બનાવવાનું કર્તવ્ય હવે યુવા છાત્રોએ પોતાના જ્ઞાનનો માનવજાતના-સમાજના કલ્યાણ માટે વિનિયોગ કરીને અદા કરવાનું છે.મુખ્યમંત્રીએ ઈન્ડિયા ફર્સ્ટનો ભાવ જગાવતી આ નવી યુવા છાત્રપેઢી પોતાના વિચાર,આચાર અને નવોન્મેષી વાતાવરણથી તરબતર છે તેનો ઉમંગ અને વિશ્વાસ જ ભારત માતાના માન બિંદુઓ, કિર્તી વિશ્વમાં ઉન્નત કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.તેમણે પ્રાચીન વિશ્વમાં નાલંદા,વલ્લભી અને તક્ષશિલા જેવી વિદ્યાપીઠમાં વિશ્વના દેશોના યુવાઓ જ્ઞાન કૌશલ્ય માટે આવતા તેનો મહિમા પૂનઃપ્રસ્થાપિત કરી સમયાનુકુલ જ્ઞાન-શિક્ષા દિક્ષા માટે હવે વિશ્વના છાત્રો ભારત આવે તેવું વાતાવરણ ઉભું થયું છે તેમ દઢતાપુર્વક જણાવ્યું હતું.મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતે સમયના પ્રવાહો સાથે તાલ મિલાવતી શિક્ષા-દિક્ષા પ્રણાલિઓ વિકસાવીને સેકટરલ યુનિવર્સિટીઓ, સ્ટાર્ટઅપ-ઈનોવેશન, સ્કીલ ડેવલપમેન્ટ તથા રિસર્ચ કરનારા પીએચ.ડી છાત્રો માટે "શોધ" યોજના અંતર્ગત સ્ટાઈપેન્ડથી ગુજરાતે દેશમાં શિક્ષણ ક્ષેત્રે લીડ લીધી છે તેની વિશદ ભૂમિકા આપી હતી. તેમણે પદવી પ્રાપ્ત છાત્રોને સમગ્ર ગુજરાતની જનતા- જનાર્દન વતી અભિનંદન પાઠવતાં આ શિક્ષા-દિક્ષા સમાજ શ્રેયાર્થે પ્રેરણાદાયી કદમ બને તેવી શુભેચ્છાઓ આપી હતી.

# છેલ્લા એક અઠવાડિયામાં જ ૪ સિંહના મોત બાદ સવાલો

અમદાવાદ

અમરેલી જિલ્લાના ધારી પંથકના ગીર પૂર્વમાં વધુ એક સિંહણનું મોત નીપજવાની ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ધારી પંથકના ગીર પૂર્વમાં છેલ્લા એક અઠવાડિયામાં ચાર સિંહના મોતની ઘટના સામે આવતાં હવે ગંભીર વિવાદ સર્જાયો છે અને સ્થાનિક વનવિભાગ, પોલીસ અને તંત્ર સામે હવે ફરજમાં નિષ્કાળજી અને ગંભીર બેદરકારીને લઈ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.એક પછી એક સિંહોના મોતની ઘટનાઓને લઈ વન્ય અને પ્રાણીપ્રેમીઓમાં પણ સત્તાવાળાઓ પરત્વે ભારોભાર આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. અગાઉ સિંહોના મોત મામલે ગુજરાત હાઇકોર્ટમાં થયેલી જાહેરહિતની રિટ અરજીમાં હાઇકોર્ટે રાજ્ય સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓને સિંહોના જીવનના રક્ષણ અને તેમની સુરક્ષાને લઈ અસરકારક પગલાં લેવા મહત્વના આદેશો જારી કર્યા હોવાછતાં સરકારી તંત્ર કે સત્તાવાળાઓ દ્વારા તેનું કોઈ અસરકારક પાલન થઈ રહ્યું હોય તેવું જણાતું નથી. કારણ કે, છેલ્લા એક જ અઠવાડિયામાં ધાર પંથકમાં એક પછી એક ચાર સિંહોના મોતની ઘટના સામે આવી હતી. જેમાં ગઇકાલે જ ખાંભાના પીપળવા રાઉન્ડમાંથી ૧૧ વર્ષના સિંહનો મૃતદેહ મળ્યો હોવાની ઘટના સામે આવ્યા બાદ આજે બીજા દિવસે ખાંભા તુલસીશ્યામ રેન્જના પીપળવા રાઉન્ડમાં ડંકીવાળા વિસ્તારમાં ૮ વર્ષની સિંહણનું મોત નીપજ્યું હતું. સિંહણનું મોત ફેફસાની બીમારીથી થયું હોવાનું વન વિભાગનું અનુમાન છે.

વનવિભાગના મતે, સાચું કારણ પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે. વન વિભાગ દ્વારા આસપાસના વિસ્તારમાં સ્કેનીંગ હાથ ધરવામાં આવ્યું છે. સિંહના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો હતો. સિંહના વધતા જતા મોતના બનાવને લઇને વન વિભાગ અને સ્થાનિક સત્તાવાળાઓ સામે હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

# બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં આ વર્ષે ૮૨૦૦૦નો ઘટાડો!

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવામાં આવનારી પરીક્ષા માટે પ્રથમ વખત ધો.૧૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને ધો.૧૨ સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. અત્યાર સુધી દરવર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળતો હતો. આ વખતે ધો.૧૦માં જંગી ૭૨ હજાર જેટલા વિદ્યાર્થી ગતવર્ષ કરતા ઓછા નોંધાયા છે.

ધો.૧૨ સાયન્સમાં ૪ હજાર વિદ્યાર્થીઓ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પણ ૬ હજાર વિદ્યાર્થી ઘટ્યા છે. આમ, કુલ ૮૨ હજાર વિદ્યાર્થી ઘટ્યા છે. અત્યાર સુધી બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા ગતવર્ષ કરતા વધતી હતી. પરંતુ આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હોવાનું સામે આવ્યું છે. આ વખતે ધો.૧૦માં ૧૦.૮૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ૨૦૧૯ની પરીક્ષા વખતે ધો.૧૦માં ૧૧.૫૯ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આમ, ગતવર્ષ કરતા આ વખતે ધો.૧૦માં ૭૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા છે. ૨૦૧૮માં ધો.૧૦ની પરીક્ષામાં ૧૧.૦૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આમ, ૨૦૧૮ની સરખામણીમાં પણ ચાલુ વર્ષે ૧૬ હજાર વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા હોવાનું જાણવા મળે છે. ધો.૧૦માં છેલ્લા ચાર વર્ષમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં પ્રથમ વખત આંકડો ૧૧ લાખ કરતા ઓછો થયો છે. આ પહેલા ૨૦૧૯, ૨૦૧૮ અને ૨૦૧૭માં ધો.૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧ લાખ કરતા વધુ હતી. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં આ વખતે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૫.૨૭ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ગત વર્ષે એટલે કે, ૨૦૧૯માં ધો.૧૨ સામાન્ય પ્રવાહ માટે ૫.૩૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આમ, ગતવર્ષ કરતા આ વખતે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૬ હજાર વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા છે. ૨૦૧૮માં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં માત્ર ૪.૭૬ લાખ વિદ્યાર્થીઓ જ નોંધાયા હતા. જ્યારે ધો.૧૨ સાયન્સની વાત કરીએ તો ચાલુ વર્ષે ૧.૪૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ૨૦૧૯માં ધો.૧૨ સાયન્સમાં ૧.૪૭ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. સાયન્સમાં પણ ૪ હજાર વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા છે. આમ, ધો.૧૦માં ૭૨ હજાર, સાયન્સમાં ૪ હજાર અને સામાન્ય પ્રવાહમાં ૬ હજાર મળી આ વખતે ૮૨ હજાર વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા છે.

# IDBI લોકરથી ૬૦ તોલા સોનુ, ૮ કિલો ચાંદી ગાયબ

અમદાવાદ,

શહેરમાં ચોરી-લૂંટના નીતનવા કિસ્સા સામે આવી રહ્યા છે, હવે તો, તમારા બેન્કના લોકરમાં મૂકેલા દાગીના પણ સુરક્ષિત નથી. એનઆરઆઈ અને નવરંગપુરામાં રહેતી મહિલાના આઈડીબીઆઈ બેન્કના લોકરમાંથી ૬૦ તોલા સોનું અને ૮ કિલો ચાંદી મળી ૩૦ લાખની મતાની ચોરીની ઘટના પ્રકાશમાં આવતાં ભારે ચકચાર મચી ગઇ છે. ઘટનાની જાણ થતાં એનઆરઆઈ મહિલાએ નવરંગપુરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આશ્ચર્યની વાત તો એ હતી કે, લોકરમાં હાથ સાફ કરનાર ચોરે માતાજીનો એક ફોટો અને ૧૦૧ રૂપિયા રહેતાં.આ જોઇ મહિલાના હોંશ ઊડી ગયા હતા. મહિલાએ તા. ૧૦મી માર્ચએ પોલીસને અરજી આપી હતી, જો કે, ટ્રમ્પના બંદોબસ્તમાં વ્યસ્ત પોલીસે હવે આ અંગે છેક ગઈકાલે ગુનો દાખલ કર્યો હતો. આ ચકચારી કિસ્સાની વિગત એવી છે કે, નવરંગપુરામાં આવેલા વર્ધમાન ફ્લેટમાં રહેતાં અને અમેરિકાના પર્યાવરણ ડિપાર્ટમેન્ટમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતાં તૃપ્તિબહેન મહેતા તૃપ્તિબહેન મહેતા છેલ્લાં વીસ વર્ષથી અમેરિકા પરિવાર સાથે સ્થાયી થયાં છે અને તેમના કુટુંબના સભ્યો અમદાવાદ રહેતા હોવાથી તેઓ અવારનવાર અમદાવાદ આવતાં હતાં. તૃપ્તિબહેને વર્ષ ૨૦૧૬માં નવરંગપુરા સીજીરોડ બોડીલાઇન ચાર રસ્તાથી ગુલબાઈ ટેકરા તરફ જતા રોડ પર આવેલી આઈડીબીઆઈ બેન્કમાં લોકર નંબર ૫૨૦ રાખ્યું હતું. આ લોકરમાં તેમનાં સોના-ચાંદીના દાગીના મૂકીને તે પાછાં અમેરિકા ગયાં હતાં. ત્યારબાદ નવેમ્બર-૨૦૧૭માં તૃપ્તિબહેન પરત અમદાવાદ આવ્યાં ત્યારે તેમણે લોકરમાં બે સોનાની બંગડીઓ અને સોનાનું પેન્ડલ આશરે પાંચ તોલા જેટલા દાગીના મૂક્યા હતા. તે સમયે અગાઉ મૂકેલા દાગીના લોકરમાં જ હતા. ત્યારબાદ ફરી એક વાર તૃપ્તિબહેન તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ અમેરિકાથી અમદાવાદ પરત આવીને દાગીના લેવા બેન્કમાં ગયાં હતાં. તે સમયે તૃપ્તિબહેને લોકર ખોલવાનું હોવાથી બેન્ક કર્મચારીની મદદમાં લોકર ખોલવાની બે વાર કોશિશ કરી હતી, પરંતુ લોકર ખૂલતું ન હતું, જેથી બેન્કના અધિકારીએ તૃપ્તિબહેનને લોકર તોડવા કંપનીવાળાને બોલાવીશું તમે કાલે આવજો તેમ કહ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે તૃપ્તિબહેનને બોલાવી બેન્કના અધિકારીઓએ મિસ્ત્રી દ્વારા તૃપ્તિબહેનની હાજરીમાં લોકર તોડયું તો તેમાં મૂકેલા દાગીના ગાયબ હતા અને તેની જગ્યાએ માતાજીનો ફોટો અને રૂ.૧૦૧ રૂપિયા જ હતાં. આ જોઇ તૃપ્તિબહેનના તો હોશ ઊડી ગયા હતા. તેમણે બેન્ક સત્તાવાળાઓને કહ્યું કે લોકરમાંથી દાગીના ગાયબ છે, પરંતુ તેઓ તેમની વાત માનવા તૈયાર જ ન હતા. ત્યારબાદ પોલીસને જાણ કરતાં પોલીસે પહેલાં અરજી લીધી હતી અને તપાસ કર્યા પછી જ ફરિયાદ નોંધી છે. તૃપ્તિબહેનનાં બેન્કમાં ૫૨૦ નંબરનાં ત્રણ લોકર છે. બેન્કનું લોકર એક વર્ષમાં એક વખત ઓપરેટ કરવાનું ફરજિયાત છે.

તૃપ્તિબહેન અમેરિકા રહેતાં હોવાથી વર્ષમાં એક વાર લોકર ખોલવું જરૂરી હોવાથી તેમણે બે વાર બેન્કમાં અરજી આપી હતી, જ્યારે તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ લોકર ખૂલતું ન હતું ત્યારે લોકર તોડતા હતા તે સમયે તૃપ્તિબહેનની નજર તેમના લોકર પર પડી હતી. લોકરની આસપાસ ઘસરકા અને તેને તોડવાના નિશાન હતાં. બીજીબાજુ, બેન્કમાં ૫૨૦ નંબરનાં બે લોકર છે. એકવાર તેમણે ભૂલથી બીજા ૫૨૦ નંબરનું લોકર ઓપરેટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે લોકર ખૂલ્યું ન હતું. તૃપ્તિબહેનના લોકરમાં મૂકેલા સોનાના દાગીના આશરે ૬૦ તોલા અને ચાંદીના દાગીના આઠ કિલો, જેની કિંમત ૩૦ લાખ છે. દાગીના કર્મચારી કે અન્ય કોઈ વ્યક્તિ બેન્કમાંથી ચોરી ગઈ હોવાની ફરિયાદ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

# ટ્રમ્પ પ્રવાસ : અમદાવાદમાં મિનિટમાં ૫૦ લાખનો ખર્ચ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પત્ની મેલેનિયા અને નરેન્દ્ર મોદીની અમદાવાદની મુલાકાતને લઈને શહેરમાં છેલ્લા એક મહિનાથી તૈયારીઓ ચાલી રહી છે. ટ્રમ્પ અને તેમની પત્ની મેલેનિયાના સ્વાગતથી લઈને રોડ શો માટે ભરપૂર ખર્ચ કરવામાં આવ્યો છે. ટ્રમ્પની અમદાવાદની સાડા ત્રણ કલાકની મુલાકાત પાછળ અંદાજે રૂ.૧૦૦ કરોડથી વધુ રૂપિયાનો ખર્ચ થયો છે. સાડા ત્રણ કલાક અને રૂ. ૧૦૦ કરોડથી વધુના ખર્ચ હિસાબે ટ્રમ્પની એક મિનિટ તંત્રને અંદાજે રૂ.૫૦ લાખમાં પડી છે. આ ખર્ચમાં સ્ટેડિયમના બ્યુટિફિકેશનના કામથી લઈ રોડ, પોલીસ કર્મીઓ તેમજ સુરક્ષા સહિતનો સામેલ છે. આ ખર્ચો આમ જોવા જઇએ તો, સામાન્ય માણસના ખિસ્સામાંથી જ વસૂલવામાં આવશે ને..ટેક્સ ભરનારા કોઈપણ બહાના હેઠળ તંત્ર નાગરિકો પાસેથી આ ખર્ચો ખંખેરી લેવામાં આવશે. ટૂંકમાં, ટ્રમ્પની મુલાકાતના ખર્ચાનો ભાર અમદાવાદીઓના માથે જ છે તેવી પણ જાગૃત નાગરિકોમાં જોરશોરથી ચર્ચા હવે ઉઠી છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પત્ની મેલેનિયા સાડા ત્રણ કલાક માટે અમદાવાદના મહેમાન બનાવાના છે. ત્યારે તેમના આગમન પહેલા જ સ્ટેડિયમ સહિતના વિસ્તારોમાં પોલીસ સુરક્ષા તૈનાત કરી દેવામાં આવી છે. અંદાજે ૩૦ હજાર પોલીસ કર્મીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાઈ દેવાયો છે. અમદાવાદ મ્યુનિસિપલે સ્ટેડિયમની આસપાસના રોડના રિસરફેસિંગ પાછળ ૬૦ કરોડની આસપાસનો ખર્ચ કર્યો છે. ઓડા દ્વારા પણ રોડ તેમજ ફૂટપાટ સેટિંગ માટે ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. સ્ટેડિયમમાં આવનાર આમંત્રિત મહેમાનોના ટ્રાન્સપોર્ટેશન સહિત માટે ૧૦ કરોડ અને અન્ય કાર્યક્રમો માટે ૪ કરોડ રૂપિયાની આસપાસનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ટ્રમ્પની મુલાકાત પાછળ રૂ.૧૦૦ કરોડના ખર્ચનો સત્તાવાર આંક ચર્ચાઈ રહ્યો છે પરંતુ બિનસત્તાવાર આંક તો આનાથી પાંચથી સાત ગણો વધુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ટ્રમ્પની મુલાકાતના ખર્ચને લઈને પણ હવે ગંભીર વિવાદ અને સવાલો ઉઠી રહ્યા છે.

# નમસ્તે ટ્રમ્પ : અમિત શાહ આજથી ગુજરાત યાત્રાએ

અમદાવાદ,

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને પીએમ મોદીની તા.૨૪ ફેબ્રુઆરીની મુલાકાત, તેમના મેગા ઈન્ડિયા રોડ શો અને મોટેરા સ્ટેડિયમમાં યોજાનારા નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને લઈને અમ્યૂકો, સરકાર, પોલીસ અને વહીવટી તંત્ર સહિતના સંબંધિત તમામ લોકો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ખાસ કરીને મોટેરા સ્ટેડિયમમાં યોજાનારા નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમના આયોજન અને તૈયારીઓના વિશેષ નીરીક્ષણ અર્થે કેન્દ્રીય ગૃહમંત્રી અને ગુજરાત ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ અમિત શાહ આવતીકાલે અમદાવાદ આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે તેમના આ પ્રવાસ દરમ્યાન સતત ત્રણ દિવસ એટલે કે તા.૨૩,૨૪ અને ૨૫ ફેબ્રુઆરી સુધી ગુજરાતમાં રોકાશે. આ દરમિયાન તેઓ આવતીકાલે તા.૨૩ ફેબ્રુઆરીએ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમની તૈયારીઓનું નિરીક્ષણ કરવા માટે મોટેરા સ્ટેડિયમની પણ મુલાકાત લેશે. જ્યાં તેઓ સમગ્ર કાર્યક્રમની તૈયારીઓ, આયોજન સહિતની એકએક બાબતોને બારીકાઈથી નિહાળી નીરીક્ષણ કરશે અને જરૂર પડયે સ્થાનિક અધિકારીઓ અને પોલીસ-સુરક્ષા જવાનોને સૂચના પણ આપશે. તા.૨૪મી ફેબ્રુઆરીએ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ અમિત શાહ તા.૨૫મી ફેબ્રુઆરીએ રોજ મંગળવારે પી.જે.કે.પી.વિદ્યાર્થી ભવનના શિલાન્યસ કાર્યક્રમમાં હાજરી આપશે. ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ગાંધીનગર લોકસભાના સાંસદ અમિત શાહ તેમની ગુજરાતની મુલાકાત દરમ્યાન તા.૨૫ ફેબ્રુઆરીના રોજ મંગળવારે અમદાવાદ શહેરના ગુલબાઈ ટેકરા એલિસબ્રિજ ખાતે આવેલી જાણીતી અમીન પી.જે.કે.પી વિદ્યાર્થી ભવનનો શિલાન્યાસ કરશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મેહસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ અને ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રેહનાર છે. આ અદ્યતન સંકુલ જૂન-૨૦૨૧ થી કાર્યરત થઈ જશે તે માટેના તમામ પ્રયાસો હાલ પૂરજોશમાં ચાલી રહ્યા છે. બીજીબાજુ, અમિત શાહની ગુજરાત મુલાકાતને લઈને કરી સંગઠનમાં વિવિધ નિમણૂંકોને લઈ અટકળો ચાલી રહી છે. ત્રણ દિવસના આ પ્રવાસ દરમિયાન ગૃહમંત્રી સંગઠનના આગેવાનો સાથે રાજ્યની હાલની રાજકીય પરિસ્થિતિ અંગે પણ ચર્ચા કરશે અને કેટલીક મહત્વની સૂચનાઓ-નિર્દેશો જારી કરશે.

# ટ્રમ્પ અભિવાદન સમિતિના સભ્યો સ્ટેડિયમ પર પહોંચ્યા

અમદાવાદ,

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૪મી ફેબ્રુઆરીએ અમદાવાદની મુલાકાતે આવી રહ્યાં છે તે અગાઉ અમ્યુકો દ્વારા તાબડતોબ ડોનાલ્ડ ટ્રમ્પ અભિવાદન સમિતિની રચના કરી દેવાતાં તેને લઈને પણ ચર્ચા અને સવાલો ઉઠ્યા છે. અલબત્ત, ટ્રમ્પના સાડા ત્રણ કલાકના કાર્યક્રમ માટે રચાયેલી ડોનાલ્ડ ટ્રમ્પ નાગરિક અભિવાદન સમિતિની પ્રથમ બેઠક માત્ર ૧૦ મિનિટમાં જ સમેટાઈ ગઈ હતી. બેઠક બાદ મેયર સહિતના તમામ સભ્યોએ મીડિયા સાથે વાતચીત કરવાનું ટાળ્યું હતું અને ચૂપચાપ રવાના થઈ ગયા હતા. આ બેઠકમાં સમિતિના સભ્યો એવા અમદાવાદના બે સાંસદ ડો.કિરીટ સોલંકી અને હસમુખ પટેલ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યા, પદ્મભૂષણ બી.વી.દોશી, ચેમ્બર ઓફ કોમર્સના દુર્ગેશ બુચ સામેલ થયા હતા. આ બેઠક બાદ સમિતિના સભ્યો મોટેરા સ્ટેડિયમની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. આ સમિતિમાં અન્ય બે સભ્ય તરીકે પદ્મશ્રી ભીખુદાન ગઢવી અને જીટીયુના કુલપતિ ડો.નવીન શેઠ પણ હાજર જોવા મળ્યા હતા, જે સમિતિની પ્રથમ બેઠકમાં આ બંને સભ્યો ગેરહાજર રહ્યા હતા.ટ્રમ્પની તા.૨૪મીની મુલાકાત પહેલાં ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો કે, મોટેરા સ્ટેડિયમનો કાર્યક્રમ ડોનાલ્ડ ટ્રમ્પ નાગરિક અભિવાદન સમિતિ નામની કોઈ સંસ્થા યોજી રહી છે. ત્યારબાદ અચાનક જ આ સમિતિની રચના કરી મેયર બીજલ પટેલને ચેરમેન બનાવ્યા હતા. જેમાં બે સાંસદ એવા ડો.કિરીટ સોલંકી અને હસમુખ પટેલને પણ સમિતિના સભ્ય બનાવ્યા હતા. આમ પહેલા ટ્રમ્પને આમંત્રણ આપવામાં આવ્યું અને ત્યારબાદ આયોજન થયું અને અંતે બે દિવસ પહેલા યજમાન નક્કી થયા છે. નાગરિક અભિવાદન સમિતિના ચેરમેન બન્યા બાદ મેયર બીજલ પટેલનો મોબાઇલ સતત સ્વીચ ઓફ આવતો હતો. બીજીબાજુ કમિટીના અન્ય સભ્યોને તેમની ભૂમિકાને લઈને પણ કોઈ સ્પષ્ટતા નહોતી. દરમ્યાન આ સમગ્ર મામલે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને જ્યારે આ અંગે પુછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું કે, તેમાં સરકારની કોઈ ભૂમિકા નથી. જો કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી દિલ્હીમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પના આગમનની જાહેરાત કરી ચૂક્યા હતા. વડાપ્રધાન વતી પણ ટ્વીટર પર વેલકમ કરવામાં આવ્યું હતું. ઘણા મંત્રીઓ, અધિકારીઓ તેની તૈયારીમાં લાગેલા છે. છતાં અત્યાર સુધી આ અભિનંદન કમિટી તરફથી કોઈ નિવેદન અપાયું નથી. આ અગાઉ પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, નમસ્તે ટ્રમ્પના નિમંત્રક અમદાવાદ નગર નિગમ અને કલેક્ટર છે. આ સમારોહ પાછળ અંદાજે રૂ.૧૦૦ કરોડથી વધુનો ખર્ચનો અંદાજ સેવવામાં આવી રહ્યો છે. સરકાર સીધું ડોનેશન ન લઈ શકે એટલે આ સમિતિએ કરેલા ખર્ચનું કોઈ ઓડિટની જરૂર રહેશે નહીં, કારણ કે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તરત જ આ સમિતિનું અસ્તિત્વ નષ્ટ કરી દેવાશે. ટ્રમ્પ નાગરિક અભિનંદન સમિતિને લઈ અનેક સવાલો ઉઠી રહ્યા છે તો, બીજીબાજુ, ટ્રમ્પનો કાર્યક્રમ એ કોઈ સરકારી કાર્યક્રમ કે અમેરિકન સરકાર તરફથી ઘોષિત સત્તાવાર મુલાકાત નથી. તેથી ગુજરાત કે ભારત સરકાર તે આયોજનના યજમાન તરીકે જવાબદારી ઉપાડી શકે નહીં. આમ, ટ્રમ્પની મુલાકાતને લઈને અનેક સવાલો અને વિવાદો પણ હવે જોડાઈ રહ્યા છે. આવનારા દિવસોમાં વિપક્ષ કોંગ્રેસ આ સમગ્ર મામલે ભાજપને સાણસામાં લેવાની તજવીજ કરી રહી છે.

Printed, Published, Owner by : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI and Printed at TIRUPATI OFFSET, 3, Bachubhai Dudhwala Building, Opp. Swaminarayan College, Shahalam Tolnaka, Ahmedabad-380022 Published From 131/1561, Dhiraj Housing Society, Haripura, Maninagar (East) Ahmedabad-380008 EDITOR : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI